સમસ્ત પાટીદારની એકતાનું ધામ



# સરદારધામ

વર્ષ-૭ • અંક-૪ • નવેમ્બર, ૨૦૨૧

એક વિચાર

## સરદારધામ પરિવાર

તરફથી આપ સૌને

## દીપાવલી અને નૂતનવર્ષની

### હાર્દિક શુભકામનાઓ !!

આપણે સૌ સરદાર સાહેબના વૈચારિક વારસદારો, સમાજના ઉજ્જવળ ભવિષ્ય અને યુવા શક્તિના સર્વાંગી વિકાસ માટે ૧૦ વર્ષ રોકાણ કરીને સામાજિક ક્રાંતિ માટે નૂતનવર્ષે ઉપયોગી થઈએ.



Happy Diwali

FESTIVAL OF LIGHTS



કાલુપુર બેંક

# ધી કાલુપુર કોમર્શિયલ કો-ઓપરેટીવ બેંક લિ.

સ્થાપના : ૧૯૭૦

મલ્ટી સ્ટેટ શિડ્યુલ્ડ બેંક

સહકારથી સિદ્ધિ



## MSME ધિરાણ

7.75*%

₹ ૧ કરોડ સુધીના ધિરાણ માટે
(રેટીંગ આધારીત)

## MSME ધિરાણ

8.00*%

₹ ૧ કરોડથી વધુના ધિરાણ માટે
(રેટીંગ આધારીત)

## વેપાર મિત્ર ધિરાણ યોજના

નાના અને મધ્યમ ટ્રેડીંગ કરતાં વેપારીઓ માટેનું ધિરાણ

- માસિક સ્ટોક અને બુક ડેબ્ટ સ્ટેટમેન્ટ આપવામાં રાહત.
- ઓવરડ્રાફ્ટ ધિરાણની સગવડ
- પ્રોપર્ટીના વેલ્યુએશનના ૭૦% સુધીનું ધિરાણ

8.00*%
રૂા.૧ કરોડ સુધીનું ધિરાણ

@designcopper

7378309191 (MISSED CALL) • 1800 233 99999 (TOLL FREE) • www.kalupurbank.com

* શરતોને આધિન
* વ્યાજના દર વખતોવખતના ફેરફારને આધિન

હેડ ઓફિસ : ''કાલુપુર બેંક ભવન'', આશ્રમ રોડ, અમદાવાદ-૧૪.
ફોન નં.: ૨૭૫૮૨૦૨૦ થી ૨૭૫૮૨૦૨૬
E-mail : info@kalupurbank.com

Network
59 Branches
62 ATMs

મિશન-૨૦૨૬ અંતર્ગત

# સરદારધામનાં 5 લક્ષ્ય બિંદુઓ

## બિલ્ડિંગ પ્રોજેક્ટ

(અંતર્ગત ૧૦૦૦ કરોડના ખર્ચે ૧૦૦૦૦ દીકરા-દીકરીઓ
માટે પરવડે તેવા સુવિધાયુક્ત છાત્રાલયનું (ઈન્સ્ટિટ્યૂટ) નિર્માણ કરવું)

## GPSC / UPSC Defence / Judiciary સિવિલ સર્વિસ કેન્દ્ર

(અંતર્ગત ૧૦૦૦૦ દીકરા-દીકરીઓને વહીવટી સેવામાં મોકલવા)

## ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ (GPBS) ૨૦૧૮-૨૦-૨૨-૨૪-૨૬

## ગ્લોબલ પાટીદાર બિઝનેસ ઓર્ગેનાઈઝેશન (GPBO)

(પ્રથમ હરોળના ૧૦૦૦૦ ઉદ્યોગપતિઓનું સંગઠન)

## યુવા તેજ/તેજસ્વિની સંગઠન

(અંતર્ગત ૧૦૦૦૦૦ થી વધુ રાષ્ટ્રપ્રેમી યુવાઓનું સંગઠન)

સમસ્ત પાટીદારની એકતાનું ધામ
સરદારધામ
વિશ્વ પાટીદાર સમાજ

તંત્રી
ગગજી સુતરિયા

પરામર્શક સમિતિ
એચ. એસ. પટેલ (IAS, Retd.)
સી.ઈ.ઓ., સરદારધામ

ટી.જી. ઝાલાવાડિયા
ઉપપ્રમુખ, સરદારધામ

સહતંત્રી
ડૉ. જાગૃતિ જે. પટેલ
ઉપપ્રમુખ,સરદારધામ,
કન્વીનર, દીકરી સ્વાવલંબન યોજના

સંપાદક
કૃષ્ણકાંત જે. પટેલ

જાહેર ખબર વિભાગ :
7575001428

નોંધ
આ માસિકમાં છપાતા લેખ, જાહેરાત અને માહિતી જે તે લેખક કે કંપનીના છે તેની સાથે તંત્રી કે સંસ્થા સહમત છે તેવું માનવું નહીં. સર્વ હક્ક પ્રકાશકને સ્વાધિન. ન્યાયતંત્ર અમદાવાદ

મુખ્ય કાર્યાલય
સરદારધામ
એસ. પી. રીંગ રોડ,
વૈષ્ણોદેવી સર્કલ,
અમદાવાદ-૩૮૨૪૨૧
ફોન : ૭૫૭૫૦૦૧૫૪૮/૯૬/૯૭, ૭૫૭૫૦૦૧૪૨૮/૩૮
ઇ-મેલ: info. sardardham@gmail.com
વેબસાઇટ : www.sardardham.org
ટ્રસ્ટ રજી. નં. ઈ/૨૦૯૨૪/અમદાવાદ

Printed, Published by **GAGJIBHAI G. Sutariya** on behalf of **SARDARDHAM** and **Published from** Near Royal Heights, S.P. Ring Road, Vaishnodevi Circle, Ahmedabad-382421
**Editor-GAGJIBHAI G. Sutariya**

# તંત્રીલેખ

**મારા વ્હાલા બંધુ-ભગિનીઓ,**

નૂતનવર્ષની શુભ કામનાઓ સાથે સરદાર સાહેબના વૈચારિક વારસદારોને હૃદયપૂર્વક અપીલ

સમાજના ઉજ્જવળ ભવિષ્ય અને યુવા શક્તિના સર્વાંગી વિકાસ કાજે સંગઠિત, સંકલિત થઈને, યુવાનોને કેન્દ્રમાં રાખીને સહિયારા પુરુષાર્થથી સમાજની તકદીર, તસ્વીર અને તાસીર બદલી શકીએ છીએ. અંધશ્રધ્ધા, બિનજરૂરી ખર્ચામાં ના પડી દસ વરસ સામાજિક ઉત્કર્ષ માટે રોકાણ કરીએ. નવા વરસના સ્નેહમિલનો, સમાજિક, ધાર્મિક મેળાવડાઓ, સમૂહલગ્નો જેવા કાર્યક્રમોમાં વધુમાં વધુ ઉપરોક્ત સંદેશ આપીને ઉદાહરણ રૂપ બનીએ.

વ્યવસાયિક, ઔધોગિક ક્ષેત્રે વિકાસ કરવા માટે ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ-૨૦૨૨ સર્વ સમાજ માટે ઉત્તમ તક છે. તેમાં પોતાની કંપનીના માર્કેટિંગ, પ્રોડક્ટના બ્રાન્ડિંગ માટે સ્પોન્સર, સ્ટોલ ધારક ડેલીગેટ તરીકે જોડાવા માટે આહવાન કરીએ છીએ.

આવો આપણે સૌ સામાજિક, રાજકીય, વહીવટી, ધંધાકીય ક્ષેત્રે પરસ્પર સહકારથી આગળ વધીને અને સરદારસાહેબના સપનાંના સમાજનું નિર્માણ કરીએ તે યુવાશક્તિની જરૂરિયાત છે.

**દીપાવલી તેમજ નૂતનવર્ષની શુભ કામનાઓ**

આપનો કલ્યાણ મિત્ર,
**ગગજી સુતરિયા**

# અનુક્રમણિકા


GPBS-૨૦૨૨ પ્રમોશનલ કાર્યક્રમ-૨ સુરત — ટીમ સરદારધામ — ૬

વલ્લભભાઈના પ્રમુખપદે ધારા સભ્યોની બેઠક — રાજમોહન ગાંધી — ૧૧

GPBS-૨૦૨૨ પ્રમોશનલ કાર્યક્રમ-૩ અમદાવાદ — ટીમ સરદારધામ — ૧૫

મહાલક્ષ્મીનું મનીમેજિક, વિટામીન સ્નું ટોનિક ! — ટીમ સરદારધામ — ૨૦

GPBS-૨૦૨૨ પ્રમોશનલ કાર્યક્રમ-૪ નવસારી — ટીમ સરદારધામ — ૨૬

ઇઝરાયલનો પુરુષાર્થ — સ્વામી સચ્ચિદાનંદ — ૨૮

GPBS-૨૦૨૨ પ્રમોશનલ કાર્યક્રમ-૫ વડોદરા — ટીમ સરદારધામ — ૩૩

હેપી વર્લ્ડ કાઈન્ડનેસ ડે ટુ યુ ઓલ — વૃંદા મનજીત — ૩૭

અંગ્રેજી માધ્યમથી થતી હાનિ — ગાંધીજી — ૪૫



## ટીમ સરદારધામ

**અમદાવાદ ઝોન**
નટુભાઈ એમ. પટેલ - ઉપપ્રમુખ
જશવંતભાઈ એ. પટેલ - ઉપપ્રમુખ
CA વી. વી. પટેલ - ઉપપ્રમુખ
રવજીભાઈ પી. વસાણી - ઉપપ્રમુખ
રમેશભાઈ બી. મેશિયા - ઉપપ્રમુખ
નાગજીભાઈ એન. શિંગાળા - ઉપપ્રમુખ
પ્રો.ડો. જાગૃતિબેન જે. પટેલ - ઉપપ્રમુખ
CA બી. કે. પટેલ - માનદમંત્રી
જગદીશભાઈ વી. ભુવા - ચીફ ફાઈનાન્સ સેક્રેટરી
ટી. જી. ઝાલાવાડિયા - માનદમંત્રી / ચેરમેન સિવિલ સર્વિસ કેન્દ્ર
કાંતિભાઈ એલ. ગઢિયા - એડવાઈઝર
દિલીપભાઈ એમ. પટેલ (નેતાજી) - એડવાઈઝર
ગોવિંદભાઈ જી. વરમોરા - એડવાઈઝર
કાંતિભાઈ એન. પટેલ (રામ) - એડવાઈઝર
પ્રસન્નભાઈ એન. પોલરા - ફાઈનાન્સ સેક્રેટરી
કે. આઈ. પટેલ - મંત્રી
અબજીભાઈ કે. ધોળુ - મંત્રી
સંજયભાઈ કે. સાવલિયા - મંત્રી
ભરતભાઈ એચ. રાદડિયા - મંત્રી
કરસનભાઈ જી. પટેલ - મંત્રી
મંગળદાસ જે. પટેલ - મંત્રી
મહેન્દ્રભાઈ જે. વાડદોરિયા - મંત્રી
પ્રકાશભાઈ પી. વરમોરા - મંત્રી
મનોજભાઈ ટી. ડોબરિયા - મંત્રી
એફ. સી. પટેલ - મંત્રી
રામભાઈ એમ. શેલડિયા-પ્રોજેક્ટ ચેરમેન - ફેઝ-૨

**મધ્ય ગુજરાત ઝોન**
પારૂલભાઈ એલ. કાકડિયા - ઉપપ્રમુખ
રમેશભાઈ એ. પટેલ - ફાઈનાન્સ સેક્રેટરી
દુષ્યંતભાઈ આર. પટેલ - એડવાઈઝર
ઘનશ્યામભાઈ સી. બોરડ - મંત્રી
વિપુલભાઈ વી. ગજેરા - મંત્રી
ઘનશ્યામભાઈ જે. પટેલ - મંત્રી
હસમુખભાઈ વી. કોઠિયા - મંત્રી
કાંતિભાઈ વી. ભુવા - મંત્રી

**દક્ષિણ ગુજરાત ઝોન**
દિયાળભાઈ કે. વાઘાણી - ઉપપ્રમુખ
મનહરભાઈ જે. સાચપરા - ઉપપ્રમુખ
કેશુભાઈ એચ. ગોટી - એડવાઈઝર
રામજીભાઈ એસ. ઈટાળિયા - એડવાઈઝર
હરેશભાઈ ડી. પરવાડિયા - મંત્રી
રવજીભાઈ પી. મોણપરા - પ્રોજેક્ટ ચેરમેન
જસમતભાઈ એન. વિડીયા - પ્રોજેક્ટ વાઈસ ચેરમેન
સુરેશભાઈ એ. પટેલ - પ્રોજેક્ટ વાઈસ ચેરમેન
ધીરૂભાઈ વી. માલવિયા - પ્રોજેક્ટ ઈન્ચાર્જ

**સૌરાષ્ટ્ર ઝોન**
પરેશભાઈ એમ. ગજેરા - ઉપપ્રમુખ
વલ્લભભાઈ એમ. સતાણી- ફાઈનાન્સ સેક્રેટરી
નાથાભાઈ એમ. કાલરિયા - એડવાઈઝર
જગજીવનભાઈ આર. સખીયા - એડવાઈઝર
મહેન્દ્રભાઈ વી. ગજેરા - મંત્રી
મહેન્દ્રભાઈ ફળદુ - મંત્રી

**મુંબઈ ઝોન**
કાનજીભાઈ કે. પટણી - એડવાઈઝર
કાંતિભાઈ એમ. ભાવાણી - મંત્રી

**સી.ઈ.ઓ.**
એચ. એસ. પટેલ, IAS (Retd.)

**સિવિલ સર્વિસ કેન્દ્ર**
સી. એલ. મીના, IAS (Retd.) ડાયરેક્ટર

**કન્વીનર - યુથ GPBO**
ભાવિનભાઈ આર. પટેલ

**પ્રમુખ સેવક**
ગગજી સુતરિયા

- ટીમ સરદારધામ

# સરદારધામ

## આયોજિત

# મુખ્યમંત્રીશ્રીનો અભિવાદન સમારોહ

## અને

# GPBS-૨૦૨૨ પ્રમોશનલ કાર્યક્રમ-૨

## સુરત

મિશન ૨૦૨૬ અંતર્ગત સરદારધામ તેના પાંચ લક્ષ્યબિંદુઓ સિધ્ધ કરવા માટે તેમજ સમસ્ત પાટીદાર સમાજની યુવાશક્તિના સર્વાંગી વિકાસ માટે કાર્યરત છે. તેના પાંચ લક્ષ્યબિંદુ પૈકીનું ૧ લક્ષ્યબિંદુ એટલે ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ - GPBS. સરદારધામ દ્વારા GPBSની શરૂઆત ૨૦૧૮થી કરવામાં આવી છે. ગુજરાત સરકારની વાઈબ્રન્ટ સમિટ સમકક્ષ આ GPBSનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. ૨૦૧૮ અને ૨૦૨૦માં ગાંધીનગર ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. ૨૦૨૨ની સમિટ તારીખ ૨૬-૨૭-૨૮ ફેબ્રુઆરી ૨૦૨૨ના સમયગાળા દરમ્યાન સુરત ખાતે યોજાનાર છે. આ સમિટના માધ્યમથી અલગ-અલગ બિઝનેસ ક્ષેત્રમાંથી આવતા બિઝનેસમેનને તેમની કંપનીની જાહેરાત માર્કેટિંગ બ્રાન્ડિંગ માટે એક પ્લેટફોર્મ પૂરું પાડવામાં આવે છે. દેશ અને દુનિયામાંથી હજારો બિઝનેસમેન આ સમિટમાં સ્પોન્સર, સ્ટોલધારક તરીકે જોડાય છે તથા લાખોની સંખ્યામાં મુલાકાતીઓ સમિટમાં આવે છે.



સુરત ખાતે યોજાનાર આગામી GPBS-૨૦૨૨ના પ્રમોશનલ પ્રોગ્રામ-૨ તેમજ માનનીય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઇ પટેલનો અભિવાદન સમારોહ તા. ૧૫-૧૦-૨૦૨૧ના દિવસે સુરત ખાતે યોજાયો. આ સમારોહમાં પાટીદાર સમાજની વિવિધ સંસ્થાઓના અગ્રણીઓ તથા હોદ્દેદારો રાજસ્વી મહાનુભાવો, ઉદ્યોગપતિઓ તેમજ ટીમ સરદારધામના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.



પોતાના સ્વાગત પ્રવચનમાં કિરણ હોસ્પિટલના ચેરમેન અને પદ્મ શ્રી મથુરભાઇ સવાણીએ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઇ પટેલ. ભાજપના પ્રદેશ પ્રમુખશ્રી સી.આર.પાટીલ કેન્દ્રીય મંત્રીઓ, રાજ્ય સરકારના મંત્રીઓ, અન્ય રાજસ્વી મહાનુભવો, સામાજિક અગ્રણીઓ, સમાજ શ્રેષ્ઠીઓ, સરદારધામના તમામ હોદ્દેદારો, સમસ્ત પાટીદાર સમાજના હોદ્દેદારો નાગરિક અભિવાદન સમિતિના હોદ્દેદારો, વિવિધ સમાજના આગેવાનોને આવકાર્યા. દેશના સર્વાંગી વિકાસમાં જે રીતે સરકાર દ્વારા પ્રયત્નો થાય છે તેમાં સરદારધામ ૨૦૧૮થી ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટનું આયોજન કરીને યુવા બિઝનેસમેનોનું એક નવું પ્લેટફોર્મ પૂરું પાડી રહ્યું છે. આ સમિટમાં સર્વ સમાજને ભાગ લેવા માટે તક પૂરી પાડે છે. આ સમિટના આયોજન માટે સુરતની યુવા ટીમને વિશેષ અભિનંદન પાઠવ્યા હતાં. નવનિયુક્ત મુખ્યમંત્રીશ્રી માનનીય ભુપેન્દ્રભાઇ પટેલ તેમજ તમામ મંત્રીશ્રીઓને અભિનંદન આપ્યા હતા.



સરદારધામનાં ઉપપ્રમુખ અને GCCI ના પૂર્વ પ્રમુખશ્રી નટુભાઇ પટેલે પોતાના ઉદ્‌બોધનમાં GPBS



- ૨૦૧૮-૨૦-૨૨ તથા આવનાર સમયમાં યોજાનાર ૨૦૨૪-૨૬ ની સમિટ વિશે જણાવ્યું. આગામી સમિટ સૌને જોડાવા માટે આમંત્રણ આપ્યું. તેમજ તેનાથી થનારા ફાયદા વિશે જણાવ્યું. આ સમિટની ભવ્યતા જણાવી શુભેચ્છા પાઠવી.



સરદારધામના પ્રમુખ સેવક શ્રી ગગજીભાઈ સુતરિયાએ પોતાના આગવા અંદાજમાં શાયરીથી શરૂઆત કરી અને સૌ રાજસ્વી મહાનુભાવો, સામાજિક અગ્રણીઓ, વિવિધ સમાજના હોદ્દેદારોને આવકાર્યા. સરદારધામની વિચારયાત્રાની શરૂઆત થઈ તે વિશે સૌને વાકેફ કર્યા. સરદારધામ ભવનનું લોકાર્પણ તથા સરદારધામ ફેઝ-૨ કન્યા છાત્રાલયના ભૂમિપૂજન સમારોહ વિશે માહિતી આપી સરદારધામના પાંચ લક્ષ્યબિંદુઓ વિશે સૌને જાણકારી આપી. ૧૦ હજાર વિદ્યાર્થીઓને રહેવા માટે પરવડે તેવા છાત્રાલયો બનાવવાનું સરદારધામનું લક્ષ્ય છે તે પૈકી સુરતમાં આકાર લેનાર ભવ્ય સરદારધામ વિશે જાણકારી આપી. ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ તેનાથી થનારા ફાયદાઓ તથા બિઝનેસમેન માટેનું એક પ્લેટફોર્મ છે. સમિટ સુરતમાં યોજાનાર સમિટ તથા સરદારધામ અમદાવાદ ખાતે યોજાનાર પ્રમોશનલ પ્રોગ્રામ-૩ માં સૌને ઉપસ્થિત રહેવા આમંત્રણ પાઠવ્યું. સરદારધામની સમિટમાંથી પ્રેરણા લઈને અન્ય સમાજોએ પણ બિઝનેસ સમિટનું આયોજન કરીને પોતાના સમાજના બિઝનેસમેનને પ્લેટફોર્મ પૂરું પાડવાનું શરૂ કર્યું છે. પાટીદાર સમાજની દીકરીઓના વિકાસ માટેની સરદારધામની યોજનાઓ વિશે માહિતી આપી સમાજના વિકાસ માટેના પંચકર્મ (પાંચ પ્રકારના કામો) કેવી રીતે કરી શકાય તે માટેના કાર્યને અગ્નિપથ સાથે સરખાવ્યો હતો. સુરત ખાતે આકાર લેનાર સરદારધામ ફેઝ-૧ કેવા પ્રકારની પ્રવૃતિઓ કરશે તે વિશે માહિતી આપી. સૌ શ્રેષ્ઠીઓને સરદારધામના સમસ્ત પાટીદાર સમાજના યુવાશક્તિના સર્વાંગી વિકાસના ભગીરથ કાર્યમાં જોડાવા માટે દાતા, સ્થાપક ટ્રસ્ટી તેમજ ટ્રસ્ટીને



વિનંતી કરી. સમાજના સર્વાંગી વિકાસ માટે કુરિવાજો, અંધશ્રધ્ધા, વહેમથી દૂર રહેવા સમાજને મુક્ત રાખવા માટેનો સંકલ્પ લેવડાવ્યો.

માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલનું સરદારધામ વતી ગગજીભાઇ , દિયાળભાઇ, કેશુભાઇ, મનહરભાઇ તથા ટીમ સરદારધામના સભ્યોએ સન્માન કર્યું તેમજ અન્ય ૨૯ જેટલી સંસ્થાઓએ સન્માન કર્યુ. સી.આર.પાટીલનું (પ્રદેશ પ્રમુખ ભાજપ ગુજરાત રાજય) પાટીદાર હોદ્દેદારોએ સન્માન કર્યુ. કેન્દ્રીય મંત્રીશ્રી મનસુખભાઇ માંડવિયા, પરસોત્તમ રૂપાલા,દર્શનાબેન જરદોશ, સુરતના મેયર હેમાંગીબેન બોઘાવાલા, જીતુભાઇ વાઘાણી, ૠષિકેશ પટેલ, રાઘવજીભાઇ પટેલ, બ્રીજેશભાઇ મેરજા, અરવિંદભાઇ રૈયાણી, વિનોદભાઇ મોરડિયા, મુકેશભાઇ પટેલ, હર્ષ સંઘવીનું સન્માન કરવામાં આવ્યું.



કેન્દ્રીય કેબિનેટ મંત્રીશ્રી પરસોત્તમ રૂપાલાએ પોતાના પ્રાંસગિક પ્રવચનમાં ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટના આયોજકો, ટીમ સરદારધામ તેમજ પ્રમુખ સેવકને અભિનંદન સાથે શુભેચ્છા પાઠવી. આ સમિટના માધ્યમથી નવા એન્ટરપ્રિન્યોરને જે પ્લેટફોર્મ સરદારધામ દ્વારા પૂરું પાડવામાં આવશે તેનો લાભ ઉઠાવીને વિકાસ કારવા આહ્વાન કર્યું. સાથોસાથ આ સમિટના માધ્યમથી પોતાના બિઝનેસને સફળ બનાવી આગળ વધવા સૌ બિઝનેસમેનને જણાવ્યું હતું. એન્ટરપ્રિન્યોરશીપ માટે ભારત સરકારની યોજનાઓનો લાભ લેવા માહિતી આપી તકને ઝડપી લેવા જણાવ્યું.



ભારત સરકારના કેબિનેટ મંત્રીશ્રી મનસુખભાઇ માંડવિયાએ પોતાના પ્રસંગોચિત્ત ઉદ્‌બોધનમાં સૌ રાજસ્વી મહાનુભાવો, સામાજિક શ્રેષ્ઠીઓ, અગ્રણીઓ તેમજ ઁજી-૨૦૨૨ના આયોજકોને આવકાર્યા. આપણે સમિટના આયોજન માટે એકત્ર થયા છીએ. સંગઠિત થઈને કાર્ય કરવાથી ખૂબ જ ઝડપી વિકાસ કહી શકાય છે. પાટીદાર સમાજ પાસે આવડત, સૂઝ, ક્ષમતા, સાહસ કરવાની વૃતિ જેવા ગુણો રહેલા છે તથા સૌને સાથે લઈને ચાલવાનો પાટીદાર સમાજનો સ્વભાવ છે. આ આપણા સંસ્કાર છે એટલે સરદારધામ બધા સમાજને સાથે લઈને ચાલે છે. તેની ઉદારતાની નોંધ લેવાય છે. સમિટમાં જોડાવાથી થનાર ફાયદા વિશે જણાવ્યું. આ સમિટના માધ્યમથી સરદારધામ આખા વિશ્વમાં પથરાયેલા પાટીદાર બિઝનેસમેનને એક છત્ર નીચે લાવે છે. સમિટના આયોજન માટે સરદારધામને શુભેચ્છા પાઠવી.



ભાજપના ગુજરાતના પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલે પોતાના પ્રસંગોચિત્ત ઉદ્‌બોધનમાં સૌ સન્માનિત રાજસ્વી મહાનુભવો તેમજ સામાજિક અગ્રણીઓને આવકાર્યા.સન્માનિત રાજસ્વી મહાનુભવોને જણાવ્યું કે સન્માનમાં વપરાયેલ દરેક ફૂલ તેમને સતત જવાબદારીની યાદ અપાવે છે. પ્રયત્નશીલ રહેવાની યાદ અપાવે છે. આવા કાર્યક્રમ દ્વારા સમાજની પ્રાથમિક જરૂરિયાતો સમજાય છે. આખા દેશમાં નવા પ્રકારની સામાજિક સેવાઓ



ગુજરાતના પાટીદારોએ કરી છે જે આખા દેશને શીખ આપે છે. પાટીદાર સમાજની બેટી બચાવો યાત્રા આજે પણ યાદ છે. વધુ સારા પરિણામ માટે હજુ પણ પ્રયત્નો કરવા પડશે. બેટી બચાવો માટે હજુ વધારે સમજદારી સાથે પ્રયત્નો કરવાની જરૂર છે. મથુરભાઇ સવાણીની જળયાત્રાને બિરદાવી હતી. GPBSમાં જોડાવા માટેની અપીલ કરી હતી.

માનનીય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઇ પટેલે પોતાના વક્તવ્યમાં જણાવ્યું કે તમારા સારા વિચારો ગુજરાત રાજયમાં છેવાડાના માનવી સુધી પહોચાડવાનું કામ અમારું છે. આ અમારા કાર્યની શરૂઆત છે. માનનીય વડાપ્રધાનશ્રીએ શરૂ કરેલા દરેક કાર્યો સમાજમાં ખૂબ મોટા પરિવર્તનો લાવે છે. સ્વચ્છતા, બેટી બચાવો, વાંચે ગુજરાત જેવા કાર્યો ખૂબ ઉપયોગી થાય છે. આજના આ અભિવાદન સમારોહમાં સૌ કેન્દ્રીય મંત્રીઓ, ભાજપના પ્રમુખ સી.આર. પાટીલ, રાજ્ય સરકારના મંત્રીશ્રીઓ, પ્રમુખ સેવકશ્રી તથા સૌ શ્રેષ્ઠીઓ સમાજના આગેવાનો ઔદ્યોગિક મિત્રોને આવકાર્યા. ગુજરાત સરકારની જમીન બાબતે થઈ રહેલી કામગીરીનો સૌને લાભ થયો છે. સૌને સાથે રાખવાની કામગીરીથી સૌનો વિકાસ થાય છે અને લોકકલ્યાણનું કામ થાય છે. એક ભારત શ્રેષ્ઠ ભારત, સમાજ નિર્માણથી રાષ્ટ્નિર્માણની ગગજીભાઈની વાત સૌને ગળે ઉતરે તેવી છે. ભુપેન્દ્રભાઇ પટેલ પાટીદાર સમાજના હોઈ શકે પરંતુ મુખ્યમંત્રી બધા જ સમાજના હોય માત્ર પાટીદાર સમાજના ન હોય. સરદારધામ સર્વસમાજને સાથે રાખી સમિટમાં કામગીરી કરે છે. સરદારધામની તમામ કામગીરીને બિરદાવી. સર્વ સમાજને સાથે રાખી પાટીદાર સમાજ કામ કરવા ટેવાયેલો છે. સૌ સમાજ સાથે મળી વિકસે, આત્મનિર્ભર ભારતની વાત પર ભાર મુકાયો. કોરોના સમયે ભારત સરકારે દેશના લોકોને મદદ કરી તે કામગીરીને બિરદાવી હતી, જેના કારણે આપણે આગળ વધી રહ્યા છીએ. આપણે સૌ સાથે મળીને આગળ વધીએ તેવી શુભેચ્છા પાઠવી. કોઈપણ સમાજને રાષ્ટ્ર નિર્માણ માટે અમારી સરકાર મદદ કરશે.

સમસ્ત પાટીદાર સમાજ સુરતના પ્રમુખ શ્રી વેલજીભાઇ શેટાએ કાર્યકર્મની સફળતા માટે ઉપસ્થિત સૌનો આભાર માની કાર્યકર્મની પૂર્ણાહુતિ કરી. આ કાર્યકર્મનું સરદારધામના ઉપપ્રમુખ પ્રો.જાગૃતિબેન પટેલે ખૂબ સુંદર રીતેસંચાલન કર્યું.

રાજમોહન ગાંધી

# વલ્લભભાઈના પ્રમુખપદે ધારાસભ્યોની બેઠક

વલ્લભભાઈના સીધા અંકુશ તળેના એક બીજા પ્રાંત – મધ્ય પ્રાંતમાં પણ કૉંગ્રેસની મોટી બહુમતી હતી. પણ મધ્ય પ્રાંતમાં વલ્લભભાઈએ અભિમાની અને સત્તાલાલસા ધરાવતા માણસ જોડે કામ પાડવું પડ્યું. નાગપુરના નારાયણભાસ્કર ખરે દાક્તર હતા અને પ્રતિષ્ઠિત કૉંગ્રેસી હતા. સન ૧૯૩૭ના જુલાઇ માસથી મુખ્ય પ્રધાન બનેલા ખરે છેવટે કૉંગ્રેસ છોડીને સરકારી પક્ષે જઈને બેઠા. મધ્યપ્રાંતની ધારાસભામાં હિંદીભાષી વિસ્તારોના મુખ્ય પ્રવક્તા રવિશંકર શુક્લ અને બીજા હિંદીભાષી અગ્રણી દ્વારકાપ્રસાદ મિશ્ર વચ્ચેની હરીફાઇને પરિણામે મરાઠીભાષી ખરે પક્ષના આગેવાન તરીકે પસંદ થયા. ખરેની વરણી સામે વલ્લભભાઇને કશો વિરોધ હતો નહીં, અને તેમણે ખરેને “ પોતાની શુભેચ્છા, સહાનુભૂતિ અને સંપૂર્ણ ટેકો” આપ્યાં. સામા પક્ષે ખરેએ વલ્લભભાઇને ખાતરી આપી કે “ આપ જે કંઇ સૂચના મોકલવા કૃપા કરશો, તેનું નિષ્ઠાપૂર્વક પાલન કરવામાં આવશે.” વલ્લભભાઇના આગ્રહથી શુક્લ અને મિશ્ર બંનેને પ્રધાનમંડળમાં લેવામાં આવ્યા. પણ ટૂંક સમયમાં જ મધ્ય



પ્રાંતની ધારાસભામાં હિંદી-મરાઠી વિખવાદ શરૂ થયો. ખરે અને શુકલ વચ્ચે તીવ્ર ખટરાગ થયો અને પોતાના સ્થાન અંગે આશંકા સેવતા ખરેએ ગવર્નર હાઈડ ગોવાન સાથે દોસ્તી જમાવી. મિશ્રે પાછળથી કહ્યું કે તેમ " ગવર્નર વારંવાર ખરેને ' ગવર્નમેન્ટ હાઉસ' માં બોલાવતા અને મહત્વની બાબતોમાં તેની ' પૂર્વસંમતિ' મેળવી લેતા."

સન ૧૯૩૮ના માર્ચ માસમાં ખરેએ ગંભીર ભૂલ કરી. હરિજન છોકરી પર બળાત્કાર કરવા માટે સજા પામેલા ચાર મુસલમાન કેદીઓને વહેલા છોડી મૂકવાનો હુકમ કાયદા પ્રધાન મહમ્મદ યૂસુફ શરીફે આપ્યો, ત્યારે ખરેએ પોતાની નજર બીજે ફેરવી લીધી. ચારે તરફ ઊહાપોહ થયો અને આ બાબતમાં શરીફ પાસેથી ચોખવટ માગવા માટે વલ્લભભાઈએ સૂચના આપી. ખરેને વલ્લભભાઈની "દખલગીરી" પસંદ પડી નહીં. શરીફ પાસે ધારાસભામાં કૉંગ્રેસ પક્ષની માફી મંગાવીને અને શરીફને માફ કરી દેવા માટે કૉંગ્રેસી ધારાસભ્યોને સમજાવી લઈને ખરેએ પ્રકરણ પૂરું થયાનું વલ્લભભાઈને જણાવ્યું. પણ કૉંગ્રેસ પાર્લામેન્ટરી બોર્ડનાં અધ્યક્ષ તરીકે વલ્લભભાઈને સંતોષ થયો નહીં. વલ્લભભાઈના અનુરોધથી કૉંગ્રેસ કારોબારીએ કલકત્તા હાઈકોર્ટના નિવૃત ન્યાયાધીશ સર મન્મથનાથ મુખરજીને શરીફે આપેલા હુકમની ચકાસણી કરવાની વિનંતિ કરી.



મે માસની ૭ તારીખે મુખરજીએ ફેંસલો આપ્યો કે " શરીફના હુકમમાં નિર્ણય લેવાની ગંભીર ભૂલ થઈ છે, અને પરિણામે ન્યાયને જફા પહોંચી છે." ખરેની પ્રતિષ્ઠા તળિયે બેઠી. બીજે દિવસે તેના ચાર સાથીઓ – મિશ્ર, શુક્લ, મહેતા અને ગોલેએ રાજીનામાં આપ્યાં. ખરેએ બીજી મોટી ભૂલ કરી, પોતાની મૂંઝવણ વલ્લભભાઇ, પાર્લામેન્ટરી બોર્ડ અથવા કારોબારી પાસે લઈ જવાને બદલે તેમણે સરકાર પાસે રજૂ કરી. હંગામી ગવર્નર (ગોવન બીમારીના કારણે ગયા હતા) હ્યુજ બોમ્ફાર્ડને તેમણે જણાવ્યું, પોતાની પાસે " માત્ર ૩૧ ધારાસભ્યોનો ટેકો છે અને ટકી રહેવા માટે તેમણે છ વધારાના મત મેળવવાના છે." એક બળવાખોર પ્રધાન ગોલેએ રાજીનામું પાછું ખેંચ્યું. પણ ખરેને ટેકો આપનાર ધારાસભ્યોની સંખ્યા વધવાને બદલે ઘટવા લાગી. શરીફે મેની ૨૧ તારીખે રાજીનામું આપ્યું કારણ કે તેમની પાસે બીજો રસ્તો ન હતો. થોડા દિવસ પછી ખરે નમી પડ્યા અથવા નમી પડતા દેખાયા. પંચમઢીમાં વલ્લભભાઈને પ્રમુખપદે કોંગ્રેસના ૭૧માંથી ૬૮ ધારાસભ્યોની બેઠક મળી. વલ્લભભાઈ અને ખરે સહિત બધાએ ઠરાવ્યું કે ખરે મુખ્ય પ્રધાન પદે ચાલુ રહે, પણ તેમની પાંખ કાપી કાઢવામાં આવશે. તેમનાં ખાતાં અન્ય પ્રધાનોને ફાળવી દેવામાં આવશે અને ખરે પ્રધાનોનાં કાર્યોનું માત્ર સંયોજન કરશે. શુક્લ, મિશ્ર અને મહેતાનાં રાજીનામાં પાછાં ખેંચાયાં.

પંચમઢીમાં મેની ૨૫ તારીખે થયેલું સમાધાન ખરે માટે નામોશીભર્યું હતું, અને તેનો અમલ કરવાનાં પગલાં તેમણે ભર્યાં નહીં. તેમણે રાજીનામું પણ આપ્યું નહીં. ઊગરી જવા માટે તેમણે નવા ગવર્નર ફ્રાંસિસ વાયલીનો આશરો લેવાની તરકીબ અજમાવી. જુલાઈની ૭ તારીખે વાયલીએ લિન્લિથગોને જણાવ્યું કે ખરેના સાથીઓ રાજીનામાં ન આપે તો તેમને બરતરફ કરવા માટે અને મુખ્ય પ્રધાનને નવા પ્રધાનમંડળની રચના કરવાનું કહેવા માટે પોતે તૈયાર છે. જુલાઈની ૧૩ તારીખે ખરેએ પ્રધાનમંડળના બે સાથીઓ – દેશમુખ અને ગોંલે – પાસેથી રાજીનામાં મેળવી લીધાં. પણ ૧૫ તારીખે વલ્લભભાઈને લખેલા પત્રમાં તેમણે આ રાજીનામાંનો ઉલ્લેખ સુધ્ધાં કર્યો નહીં અને વાયલી જોડે થયેલી વાતચીત અંગે પણ જણાવ્યું નહીં.ખરેએ આ પત્રમાં વલ્લભભાઈને જણાવ્યું કે "બનાવો બનતા જશે તેમ તેમ હું

તમને જણાવતો રહીશ " અને " આખરી નિર્ણય સરદારના હાથમાં રહેશે." પણ આ બંને વચન ખોટાં હતાં.

ગુપ્તતાની સાથોસાથ ઝડપ પણ ખરે માટે એટલી જ જરૂરી હતી. ૨૩મી જુલાઈએ મધ્ય પ્રાંતની રાજધાની નાગપુરથી માત્ર ૪૯ માઈલને અંતરે આવેલા વર્ધામાં કોંગ્રેસ કારોબારી મળવાની હતી. કારોબારી કોઈ સૂચના મોકલાવે તે પહેલાં કારોબારી સમક્ષ નવું પ્રધાનમંડળ પેશ કરવાનો ખરેનો ઈરાદો હતો. વાયલીએ તેમને સગવડ કરી આપી. જુલાઈની ૨૦ તારીખે રજૂ કરવામાં આવેલાં ખરે, ગોલે અને દેશમુખનાં રાજીનામાં વાયલીએ સ્વીકારી લીધાં. જુલાઈની ૨૧ તારીખે રાત્રે બે વાગે વાયલીએ શુક્લ, મિશ્ર અને મહેતાને રાજીનામાં મોકલી આપવાનો આદેશ આપ્યો. તેમણે ૨૩ જુલાઈ સુધી રાહ જોવા માટે ગવર્નરને વિનંતી કરી. પણ તે વિનંતી નામંજૂર કરવામાં આવી. જુલાઈની ૨૧ તારીખે સવારે પાંચ વાગે આ ત્રણે પ્રધાનોને બરતરફ કરવામાં આવ્યા અને ખરેના નવા પ્રધાનમંડળની વાયલીએ સ્થાપના કરી.



વાયલીના ઉપરીઓ તેના પગલાથી નારાજ હતા. હંગામી વાઈસરોય બ્રેબોર્ન ઝેટલેન્ડને ઑગસ્ટની ૫મી તારીખે લખ્યું કે "હઠીલા પ્રધાનોને બરતરફ કરતાં અગાઉ વાયલીએ તેમને થોડો વધારે સમય આપવો જોઈતો હતો. " ઝેટલેન્ડના જવાબ પરથી દેખાય છે કે કોંગ્રેસી પ્રધાનમંડળો પર પાર્લમેન્ટરી બોર્ડના કબજાની વાસ્તવિકતા વાયલી ન સમજતો હોય તો પણ ઝેટલેન્ડ તો સમજતા હતા. "કોંગ્રેસ મોવડીમંડળ મંત્રીમંડળો પર જે અંકુશ અત્યારે ધરાવે છે, તેને ધ્યાનમાં રાખીને આપણે આપણો વહેવાર ગોઠવવો જોઈએ." પોતાની ભૂલ સમજી લેનાર વાયલીએ પાછળથી કહ્યું કે દાકતર ખરે તો મૂરખ હતા પણ હું સવાયો મૂરખ હતો.

નવું પ્રધાનમંડળ બેત્રણ દિવસ જીવ્યું. કારોબારીએ વર્ધા બોલાવેલા ખરેએ પોતાની ભૂલ કબૂલ કરી અને રાજીનામું આપવાનું કબૂલ કર્યું. આ નિર્ણય ગવર્નરને ટેલિફોનથી જણાવી દેવા માટે બોઝે તેમને જણાવ્યું. રાત્રે લગભગ દસ વાગ્યા હતા પણ ખરેએ કહ્યું કે "ગવર્નર સૂઈ ગયા હશે. " વલ્લભભાઈએ ફટકો માર્યો, "દાકતર, ભૂલશો નહીં કે તમારા ગર્વનર ઘણા મોડા સુએ છે. રાજીનામાં માગવા માટે તમારા સાથીઓને રાત્રે બે વાગે મળેલા કે નહીં ?" ખરેએ ચૂપચાપ ટેલીફોન કરવો પડ્યો."

ખરેનું સ્થાન શુક્લે લીધું પણ થોડા વખતમાં જ ખરેએ વલ્લભભાઈ, ગાંધીજી અને કોંગ્રેસ સામે બેફામ હલ્લા કરવા માંડ્યા. ઑક્ટોબરમાં કોંગ્રેસમાંથી તેમની હકાલપટ્ટી કરવામાં આવી. ખરે હિંદુ મહાસભામાં જોડાયા. સન ૧૯૪૩માં તેમને વાઈસરોયની કારોબારીમાં લેવામાં આવ્યા. તેમનો બચાવ કરનારે લખ્યું છે કે વલ્લભભાઈએ "જાણીબૂઝીને ખરેને પાયમાલ કર્યા" અને ખરેએ આક્ષેપ કર્યો કે "રાક્ષસી વૈરવૃત્તિ, ઈર્ષા અને દ્વેષ" ને કારણે પોતાને કોંગ્રેસમાંથી નીકળી જવું પડ્યું. સમય જતાં પણ તેમનું ખુન્નસ ઓછું થયું નહીં. નરીમાન તરફી લોકોના પ્રયાસ અને ખરેની ટીકાઓને કારણે વલ્લભભાઈ વેરવૃત્તિવાળા અને શઠ માણસ હોવાની છાપ ઊભી થઇ. આ છાપ સ્વીકારી લેનાર એક લેખકે લખ્યું છે કે "રાજકારણમાં પોતાને અગવડરૂપ છે તેવી છાપ જે માણસ માટે વલ્લભભાઈના મનમાં ઊભી થાય તે મૂઓ પડ્યો છે."

ખરેએ એવો આક્ષેપ મુક્યો છે કે સન ૧૯૩૬ની આખરમાં મધ્ય પ્રાંત ધારાસભા માટે ઉમેદવારોની પસંદગીમાં મતભેદ થયા હોવાને કારણે વલ્લભભાઈ મારા વિરોધી બન્યા હતા અને સન ૧૯૩૭ના માર્ચમાં આગેવાન તરીકેની મારી ચૂંટણી ખાળવા માટે પણ વલ્લભભાઈએ પ્રયાસ કર્યો હતો. આ આક્ષેપનું સમર્થન કરે તેવા પુરાવા ખરેએ આપ્યા નથી. વલ્લભભાઈએ આક્ષેપનો રદિયો

આપતાં કહ્યું છે કે “ નેતા ચૂંટવા માટેની સભામાં પ્રમુખ થઈને પોતાના ચૂંટાઈ આવવામાં મદદરૂપ થવાની વિનંતી ખરેએ પહેલાં મને અને પછી જવાહરલાલ નેહરુને કરી હતી” સન ૧૯૩૬ની આખરથી વલ્લભભાઈ ખરેની વિરુદ્ધ હોય તો સન ૧૯૩૭ના માર્ચમાં આવી વિનંતી તે કરે નહીં. વળી સન ૧૯૩૭ અને સન ૧૯૩૮માં ખરે અને વલ્લભભાઈ વચ્ચે થયેલો પત્રવહેવાર નાગપુરના આ દાકતર પ્રત્યે વલ્લભભાઈના મનમાં દ્વેષ હોય તેવું દર્શાવતો નથી. સરદારની ખફા મરજી નહીં પણ જાતે કરેલી ભૂલોથી ખરેએ બહુમતી ગુમાવી. ખરેની પ્રતિષ્ઠા વલ્લભભાઈની દયાહીનતાને કારણે નહીં, પણ સરકાર જોડે તેણે ખાનગી ખૂણે કરેલી સોદાબાજીને કારણે બગડી.

ખરે પ્રકરણમાં વલ્લભભાઈએ ભજવેલા ભાગનો બચાવ પૂરેપૂરી રીતે, સ્પષ્ટ રીતે અને ગળે ઉતરી જાય તે રીતે કોઈએ કર્યો હોય તો કોંગ્રેસ પ્રમુખ સુભાષ બોઝે કર્યો. સન ૧૯૩૮ના નિવેદનમાં સુભાષ બોઝે કહ્યું કે “દાકતર ખરેને કોઈ અન્યાય કરવામાં આવ્યો નથી અને તેમની જોડે સખ્તાઈથી કામ લેવામાં આવ્યું નથી.” ખરે લોર્ડ વેવેલની કારોબારી સમિતિના સભાસદ હતા. તે વખતે વાઈસરોયે કરેલી ટકોર ખરેએ પોતાની આત્મકથામાં નોંધી છે. વાઈસરોય બોલી ઊઠ્યા હતાં કે “ હું કોંગ્રેસીઓને સાંખી શકું છું, પણ તમને સહન કરી શકતો નથી. તમે તો અસહનીય વ્યક્તિ છો.” રાજેન્દ્રપ્રસાદે એક જમાનામાં ખરેને “સમર્થ આગેવાન” કહ્યા હતા અને સન ૧૯૬૫માં રાજાજીએ ખરેને લખ્યું હતું કે તમારા સ્વમાની અને સાચકલા સ્વભાવને કારણે તમે હજુ પણ ગુસ્સામાં છો અને ક્ષમા આપી શકતા નથી.” નાગપુરના આ દાકતર સ્વભાવની અસમતુલાથી પીડાતા હતા અને ખુદ તેમની આત્મકથા જ આ હકીકતની દયાજનક પ્રતીતિ કરાવે છે. જે હોય તે ખરું પણ સરદારના જમા ખાતે એટલું નોંધવું જોઈએ કે તેમણે ખરેનાં શબ્દબાણો મનમાં સંઘર્યાં નહીં. કુલકર્ણીએ નોંધ્યું છે કે “રાષ્ટ્રીય આઝાદી પછી અલ્વરના દીવાન તરીકે ખરે વલ્લભભાઈને અનેક પ્રસંગોએ મળ્યા અને કેન્દ્ર સરકારે તેમને અનેક વખત ઉદાર ભાવે મદદ કરી.”

**વલ્લભભાઈની લોકપ્રિયતામાં વધારો થયો હોય કે ન હોય પણ આ બનાવને કારણે “કોંગ્રેસ પક્ષમાં દ્રઢ મનોબળના માણસ તરીકે સરદારની આબરૂ” જામી**

નરીમાન પ્રકરણ પછી એક વરસે થયેલી ખરેની હકાલપટ્ટીને કારણે વલ્લભભાઈના દુશ્મનોને તેમના પર “જોહુકમી” હોવાનો આક્ષેપ લગાવવા માટે ઉત્તેજન મળ્યું. આ હકીકતથી વાકેફ હોવા છતાં વલ્લભભાઈ આ બાબતમાં કશું કરી શકે તેમ ન હતા.

હા, મને ફાસીવાદી કહેવામાં આવે છે, તે હું જાણું છું.... મેં નરીમાનને શિકસ્ત આપી અને મારા આગ્રહથી કોંગ્રેસ કારોબારીએ પ્રાંતના મુખ્ય પ્રધાનને પદભ્રષ્ટ કર્યો. પણ આ બંને માટે જરૂરી કારણો હતાં. કારોબારી સમિતિ જેની ચકાસણી કરી શકે તેવાં શિસ્તનાં પગલાંનો અમલ કરવો તે ફાસીવાદ ગણાય?

થોડા દિવસ અગાઉ હું કરાંચીમાં હતો. (ખબરપત્રીએ) મને પૂછ્યું, “તમે તમારી જાતને હિટલર સમજો છો ?” મેં તેને કહ્યું કે “લોકો જે કંઈ કહે તે મહત્વનું નથી. તેઓ મને હિટલર કહે અથવા હિટલરથી ચડિયાતો ભલે કહે.” ઘણા દિવસ પછી મેં આ વાતચીતનું પરિણામ છાપામાં જોયું. “હું હિટલર નથી. હું તો સવાયો હિટલર છું.” તેવું મેં કહ્યાનું લખાયું હતું.

વલ્લભભાઈની લોકપ્રિયતામાં વધારો થયો હોય કે ન હોય પણ આ બનાવને કારણે “કોંગ્રેસ પક્ષમાં દ્રઢ મનોબળના માણસ તરીકે સરદારની આબરૂ” જામી. પી.વી. પટેલે લખ્યું છે કે “સરદારને ઘેટાનાં ટોળાંના આગેવાન થવું પસંદ ન હતું, અને દરેક માણસ જાતે વિચારતો થાય તેવું તેમને ગમતું. પણ કોઈ માણસ વધારે પડતો ચિબાવલો થવા જાય અથવા કોંગ્રેસ મોવડીમંડળની સત્તાને પડકારે તો તેણે સરદાર જોડે કામ પાડવું પડતું.” ખરેના ખીજવાયેલા ટેકેદારો સમક્ષ નાગપુર મુકામે સરદારનો બચાવ કરતાં સુભાષ બોઝે જે કહ્યું તે રામકૃષ્ણબજાજે સાંભળ્યું હતું. તેમણે જણાવ્યું, “સરદારની કઠોરતા વ્યક્તિગત ગણતરીથી પર હોય છે અને રાષ્ટ્રના હિત માટે વપરાય છે.” કુલકર્ણીએ વલ્લભભાઈને “શિસ્તપાલનના ચુસ્ત આગ્રહી” કહ્યા છે. આ બંનેનો મત સાચો છે.

- ટીમ સરદારધામ

# ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ

# GPBS-2022

## પ્રમોશનલ પ્રોગ્રામ - 3

## અમદાવાદ

મિશન ૨૦૨૬ અંતર્ગત સરદારધામ તેના પાંચ લક્ષ્યબિંદુઓ સિધ્ધ કરવા સંકલ્પબધ્ધ અને કટિબધ્ધ છે. તેમાંનું એક લક્ષ્યબિંદુ ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ છે. આ સમિટના માધ્યમથી દેશ અને દુનિયાના પાટીદાર બિઝનેસમેનને એક પ્લેટફોર્મ ઉપર ભેગા કરવા માટેના પ્રયાસ કરવામાં આવે છે. નાના, મધ્યમ અને મોટા વેપારીઓને સાંકળવા માટે, જોડાવા માટે પ્લેટફોર્મ પૂરું પાડવામાં આવે છે. ૨૦૧૮માં ગાંધીનગર ખાતે મહાત્મા મંદિરમાં યોજાઈ હતી. જેમાં ૩ લાખથી વધારે મુલાકાતીઓ મુલાકાત લીધી હતી. ૨૦૨૦માં ગાંધીનગર ખાતે હેલિપેડ એક્ઝિબિશન ગ્રાઉન્ડમાં પ્રથમ સમિટ કરતા ૭ ગણી મોટી સમિટનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સાત લાખથી વધારે મુલાકાતીઓ આવ્યા હતા. આ બંને સમિટની અભૂતપૂર્વ સફળતા બાદ તા.૨૬-૨૭-૨૮ ફેબ્રુઆરી ૨૦૨૨માં સરસાણા સુરત ખાતે સમિટનું આયોજન કરેલ છે. આ સમિટ દરેક શહેર, ઝોન, રાજ્ય, દેશ અને  વિદેશમાંથી ઔદ્યોગિક - વ્યાપારી મિત્રોને જોડવા માટે અલગ-અલગ શહેરોમાં



અલગ-અલગ સમયે પ્રમોશનલ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવે છે. તેના ભાગરૂપે તા. ૨૩-૧૦-૨૧ના રોજ સરદારધામ અમદાવાદ ખાતે ગુજરાત રાજ્યનાં મહામહિમ રાજ્યપાલ માનનીય શ્રી આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષ સ્થાને યોજાયો.



કાર્યકર્મનાં આરંભે સરદારધામના પ્રમુખ સેવક શ્રી ગગજીભાઇ સુતરિયાએ કાર્યક્રમનાં અધ્યક્ષ મહામહિમ રાજ્યપાલ માનનીય શ્રી આચાર્ય દેવવ્રતજી, આમંત્રિત મહેમાનો, ભવનદાતાઓ, સ્થાપક ટ્રસ્ટીઓ, ટ્રસ્ટીઓ સૌને આવકાર્યા. પોતાના પ્રવચનમાં મિશન ૨૦૨૬ અંતર્ગત સરદારધામનાં પાંચ લક્ષ્યબિંદુઓ વિશે જણાવ્યું. તેમાં ખાસ કરીને યુવાનોને રોજગારલક્ષી બનાવવા એ મોટું કામ છે. તેમણે સૂત્ર આપ્યું કે વ્યાપાર, ઉદ્યોગ અને રોજગાર એમાં છે સર્વ સમાજનો કાયમી ઉધ્ધાર છે. દેશના વિકાસમાં યુવાનોને રોજગાર આપવાનું કામ સૌથી મોટું છે. સરદારધામ ત્રણ બાબતોને કેન્દ્રસ્થાને રાખીને પ્રવૃતિઓ કરે છે.



૧. રાષ્ટ્રપુરુષ સરદાર વલ્લભભાઇ પટેલ ૨. રાષ્ટ્રધ્વજ ૩. સમાજ નિર્માણથી રાષ્ટ્રનિર્માણ.

સરકાર NGO અને ઉદ્યોગગૃહો સાથે મળીને કામ કરે ત્યારે દેશનો વિકાસ ખૂબ ઝડપથી થાય છે. દેશના નિર્માણ માટે યુવાનોને પ્લેટફોર્મ પૂરું પાડવાની જરૂર છે. સરદારધામમાં તેના સિવિલ સર્વિસ કેન્દ્રમાં તાલીમાર્થી વિદ્યાર્થીઓને ઉચ્ચકક્ષાની સુવિધા પૂરી પાડવામાં આવે છે. સરદારધામે એક વૈચારિક ક્રાંતિ શરૂ કરી છે, જેમાં દેશ-દુનિયા સાથે તાલ મિલાવવા માટે ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ શરૂ કરી છે. જેના માધ્યમથી વેપારીઓને એક પ્લેટફોર્મ પૂરું પાડવામાં આવે છે. જેના ભાગરૂપે ૨૦૨૨ માં સુરત ખાતે સમિટ યોજાનાર છે તેમાં એકતા સે સમૃધ્ધિ કી ઓર નું સૂત્ર આપેલું છે. સમાજ નિર્માણથી રાષ્ટ્રનિર્માણ કરવા માટે યુવાનોને રોજગાર આપવાની જરૂર છે. સરદારધામ તેના પાંચ લક્ષ્યબિંદુઓ અંતર્ગત કામગીરી કરે છે. જેથી છેવાડાના પરિવારને પણ જોડી શકાય અને આર્થિક, વૈચારિક ક્રાંતિથી સમાજને સમૃધ્ધ બનાવવાનો પ્રયાસ છે. ૨૦૧૮ તેમજ ૨૦૨૦ની સમિટમાં જોડાયેલ સ્પોન્સર્સ તેમજ સ્ટોલધારકોને ૨૦૨૨ની સમિટમાં જોડાવા માટે અપીલ કરી. યહૂદી સમાજની બરોબરી કરવા માટે ૨૦૨૬માં અમેરિકા ખાતે સમિટનું આયોજન કરવામાં આવશે. અલગ-અલગ ઝોનમાં ૧૦ હજાર વિદ્યાર્થીઓ માટે પરવડે તેવા છાત્રાલયોના નિર્માણની તેમજ ફીના માળખાની જાણકારી આપી. સરદારધામમાંથી પ્રેરણા લઈને અન્ય સમાજે પણ આ પ્રકારની સમિટનું આયોજન કરેલ છે. ઉપસ્થિત સૌને સરદારધામમાં ભવનદાતા,



દાતા, સ્થાપક ટ્રસ્ટી તેમજ ટ્રસ્ટી તરીકે જોડાવા માટે અપીલ કરી હતી. માહામહિમ રાજ્યપાલ માનનીય શ્રી આચાર્ય દેવવ્રતજીના વરદ્હસ્તે કન્યા છાત્રાલયના ભવનદાતા વી.વી.પટેલ પરિવાર, શ્રી ધીરુભાઈ એમ. ભંડેરી પરિવાર, શ્રી પ્રવિણભાઈ ઓ. ભાલોડિયા પરિવાર, ઑડિટૉરીયમ દાતા શ્રી મફતલાલ પટેલ-પટેલ બ્રધર્સ (USA) વતી શ્રી બી.કે.પટેલે સન્માન સ્વીકાર્યુ. શ્રી મફતલાલ પટેલે (USA) થી ઑનલાઈન શુભેચ્છા સંદેશો પાઠવ્યો. કુમાર છાત્રાલય ડાઈનિંગ હૉલના દાતા શ્રી કાંતિભાઈ વી.ઉકાણી પરિવાર, GPBO હૉલનાં દાતા શ્રી જયસુખભાઈ ઓ.પટેલ પરિવારનું સન્માન કરવામાં આવ્યું.



સરદારધામ આયોજિત ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ-૨૦૨૨ના કન્વીનર શ્રી મનિષભાઈ કાપડિયાએ સમિટ અંગે માહિતી આપતાં જણાવ્યું કે તેમાં સ્ટોલ્સ લેવા , સ્પોન્સર્સ તરીકે જોડાવા તથા પ્લેટફોર્મ પુરૂં પાડવામાં આવશે તેનાથી થનાર ફાયદા વિશે જણાવ્યું. આ સમિટમાં મહિલા તથા કૃષિ, ડેરી પ્રોડક્ટ માટે જે ડિસ્કાઉન્ટ મળશે તે વિશે માહિતી આપી. પાટીદાર સિવાય અન્ય સમાજના બિઝનેસમેન ભાગ લઈ શકે તે માટે જણાવ્યું. સમિટનું જે જગ્યાએ આયોજન કરવામાં આવનાર છે તે સ્થળ વિશેની સંપૂર્ણ માહિતી આપી સૌને તેમાં જોડાવા આમંત્રણ આપ્યું.



સરદારધામના સ્થાપક ટ્રસ્ટી અને કાર્યક્રમનાં ઉદ્ઘાટક એવા આફ્રિકા ખાતે વ્યવસાય કરતા શ્રી રાકેશભાઈ દુધાતે સુરત ખાતે યોજાનાર સમિટના આજના પ્રમોશનલ પ્રોગ્રામ-૩ ના અધ્યક્ષ મહામહિમ રાજ્યપાલશ્રીની શિક્ષણ, પ્રાકૃતિક ખેતી, સામાજિકસેવાઓને બિરદાવી હતી. તેમજ શ્રી ગગજીભાઈ સુતરિયાએ સમસ્ત પાટીદાર સમાજની એકતાના માધ્યમથી જે સેવાયજ્ઞ આરંભ્યો છે તેને પણ બિરદાવ્યો હતો.આપણે સૌ સરદાર પટેલના વારસદારો છીએ. ભગવાન કૃષ્ણના વખતથી ભારત દેશ અનેક ટુકડાઓમાં વહેંચાયલો હતો જેને આઝાદી બાદ સરદાર સાહેબે જોડવાનું અને અખંડ ભારત બનાવવાનું ભગીરથ કામ ૨ જેટલા વર્ષમાં કર્યુ છે. આ સરદાર સાહેબના જીવનમાંથી પ્રેરણા લઈને આ સરદારધામનું નિર્માણ કર્યું છે. આવનારી યુવાપેઢી આ મહાન કાર્યને હંમેશાં યાદ રાખશે. સ્વિત્ઝરલેન્ડમાં જેવી રીતે દાઓસ ફોરમ યોજાય છે તે રીતે આપણી આ સમિટ સફળ થાય, આ સંગઠન વિશ્વનું શ્રેષ્ઠ સંગઠન બને, સમિટ વિશ્વની શ્રેષ્ઠ સમિટ બને તે માટે શુભેચ્છા પાઠવું છું.



ગુજરાતના મહામહિમ રાજ્યપાલ માનનીય શ્રી આચાર્ય દેવવ્રતજીએ પોતાના પ્રસંગોચિત ઉદ્બોધનમાં GPBS -૨૨ના પ્રમોશનલ પ્રોગ્રામ-૩ માં ઉપસ્થિત સૌ દાતા, ટ્રસ્ટીઓને

આવકાર્યા. પ્રવચનના આરંભે જણાવ્યું કે હું અહીંથી જ્યારે પસાર થતો ત્યારે સરદાર સાહેબની ભવ્ય પ્રતિમાને જોઇને ખૂબ જ પ્રસન્ન થતો. પરંતુ આ ભવ્ય ભવનને અંદરથી નિહાળવાની ઉત્સુકતા મનમાં હતી. ગગજીભાઇ તથા તેમની ટીમે ૨ વર્ષના ટૂંકા ગાળામાં આ ભવ્ય ભવનનું નિર્માણ કર્યુ છે. તે રાષ્ટ્રવાદી વિચારસરણી ધરાવતા તમામ લોકો માટે પ્રેરણાનું કેન્દ્ર બની રહેશે. ભારત આઝાદ થયા પછી ૫૬૨ રજવાડામાં વહેંચાયેલું રહેત તો આજનું ભારત ક્યાં હોત? પરંતુ આજના ભારતનો પૂરેપૂરો શ્રેય સરદાર સાહેબને જાય છે. તમે સૌ ભાગયશાળી છો કે તમે તેમના વારસદારો છો. તે કોમ મહાન બની જાય છે જેમાં આ પ્રકારના મહાપુરુષો જન્મ લે છે. આવનાર પેઢીઓ આમાંથી પ્રેરણા લેશે. સરદાર સાહેબે માત્ર પાટીદાર, ગુજરાત કે ભારતમાં નહીં પરંતુ ભારતને આખા વિશ્વમાં ગૌરવપ્રદાન કરાવ્યું છે. આવા મહા પુરુષ આવા મજબૂત ઈરાદાઓથી મનોબળ દ્વારા આપણા મોટા ટુકડાઓમાં વહેંચાયેલા દેશને એક કરવાનું



કામ કર્યું. ભારતના પ્રધાનમંત્રી માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદીને અભિનંદન આપું છું કે તેમણે દુનિયાની સૌથી ઊંચી પ્રતિમા બનાવી સરદાર સાહેબને સન્માન આપ્યું છે. કારણ કે તેમનું કદ દુનિયામાં સૌથી ઊંચું હતું. ભારતને એક તાંતણે બાંધવાનું શ્રેય ગુજરાતની ધરતીને ફાળે જાય છે. હું ગુજરાતની ધરતીને પ્રણામ કરું છું કારણ કે આ ધરતીએ અનેક મહાપુરુષો ગાંધીજી, સરદાર પટેલ, મહાન ક્રાંતિકારી શ્યામજી કૃષ્ણ વર્મા અને તેમના ગુરુ સ્વામી દયાનંદ સરસ્વતીને જન્મ આપ્યો છે. આ સ્વામીજીનું ઉત્તર ભારતમાં ખૂબ જ માન છે. તેમણે સ્ત્રીઆનો માટે તેમના ઉધ્ધાર માટે કામ કર્યું .તેમણે ગુરુકુળની શિક્ષણ પ્રથાનાં આરંભ કર્યો.તે સ્વામીજીનો હું શિષ્ય છું. પાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા હું ગામડામાં ખેડૂતોનો સંપર્ક કરું છું. લોકોને અસાધ્ય રોગોમાંથી મુક્તિ અપાવવા ખેડૂતોને પ્રાકૃતિક ખેતી કરવા માટે સમજાવું છું. લોકોને શુધ્ધ પ્રાકૃતિક આહાર મળે તે માટે પ્રાકૃતિક વસ્તુઓનો સ્ટોર્સ ગુજરાતના દરેક શહેરમાં



શરૂ થશે. લોકોને ફેમિલી ડૉકટરની નહીં પણ ફેમિલી ફાર્મરની જરૂર છે. આવા ખેડૂતો મનુષ્યને સ્વસ્થ જીવન જીવવા માટે શુધ્ધ આહાર પૂરો પાડે. સમાજનું કલ્યાણ કરવા માટે સ્વસ્થ લોકોની જરૂર છે હું ગગજીભાઇ તેમજ તેમની સમગ્ર ટીમને અભિનંદન આપું છું કે તેમનો સરદારધામની સ્થાપના પાછળનો જે ઉદ્દેશ છે તે ખૂબ ઊંચો છે. પોતે સ્થાપેલા ગુરુકુળમાં વિદ્યાર્થીઓને જે પ્રકારે જીવન જીવવાની આગળ વધવાની લક્ષ્ય સિધ્ધ કરવાની તાલીમ તથા કેળવણી આપવામાં આવે છે તેના વિશે માહિતી આપી. ત્યાં પોતે ગુરુકુળમાં રહેનાર ૪૦૦૦થી વધારે વિદ્યાર્થીઓને ઝેરમુક્ત પ્રાકૃતિક આહાર આપે છે. તમે લોકોએ સરદારધામની સ્થાપના કરીને યુવા પેઢીના ઉન્નત ભવિષ્ય માટે સેવાનું કામ કર્યુ છે. વિદ્યાદાન સૌથી મોટું દાન છે. એક બાળક અભ્યાસ કરે તો એક પરિવારનું નિર્માણ થાય છે. એક પરિવારનું નિર્માણ થાય તો એક સમાજનું નિર્માણ થાય અને સમાજનું નિર્માણ થાય તો રાષ્ટ્રનું નિર્માણ થાય. જે આપ સૌએ કર્યુ છે. આજે સન્માનિત કરેલા તમામ દાતાઓને અભિનંદન આપું છું. દાન કરવા માટે ધનની ત્રણ ગતિ વિશે સમજાવ્યું. માટે સૌએ આવા પ્રકારની પધ્ધતિઓમાં દાન આપવું તથા દાન આપનારને તેમના કર્મનું ફળ અવશ્ય મળે છે. આ વિશે દયાનંદ સરસ્વતીના લખેલા સત્યાર્થ પ્રકાશનું મહત્વ સમજાવ્યું. જે વ્યક્તિ જન્મ લે છે તેનું મૃત્યુ નિશ્ચિત છે. પરંતુ તે લોકોનું જીવન ધન્ય બની જાય છે જેઓ બીજાના જીવનને સહયોગ આપે છે, ધર્મ તથા પુણ્ય, પરોપકાર, ભલાઇ, સેવા દ્વારા દુખીઓનું દુઃખ દૂર કરે છે. તેવા લોકો બીજાના દિલમાં સ્થાન બનાવે છે. આવા લોકો જે રસ્તે ચાલે છે તે ધર્મનો રસ્તો છે. ધર્મનું સાચું લક્ષણ એ છે કે તમે તમારા માટે જે કરો છો તે બીજા માટે પણ કરો. જે પોતે સુખી થવા ઇચ્છે છે તે બીજાને પણ સુખી કરવા ઇચ્છે છે તેવી ભાવના રાખે. પોતાની સાથે બીજા જેવો વ્યવહાર કરવા ઇચ્છે તેવો જ વ્યવહાર બીજા માટે કરે તેને ધર્મ કહેવાય. જેને ધારણ કરવાથી આપણું અને બીજાનું પણ ભલું થાય. મેં અહીં રહીને અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને જોયા છે ગામડાંના વિદ્યાર્થીઓનું માર્ગદર્શનના અભાવે ભવિષ્ય ધૂંધળું બની જાય છે. તમારી સંસ્થાએ આ બાબતનું ખાસ ધ્યાન રાખ્યું છે. તમે ભવિષ્યને ધ્યાનમાં રાખીને ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટનું આયોજન કર્યુ છે. તમારા સૌમાં સહકારની ભાવના છે. તેથી સમાજનો વિકાસ ચોક્કસ રીતે થાય છે. વેદ તથા ઉપનિષદના ઉદાહરણથી સહકાર, હળીમળીને કામ કરવાથી થતા લાભ વિશે જણાવ્યું. દુનિયામાં મોટાભાગના દેશોમાં ગુજરાતના પાટીદારોએ બિઝનેસમાં સફળતા પ્રાપ્ત કરી છે અને તે સાબિત કર્યુ છે કે હવે પછીના સમયમાં પાટીદાર કોમ સૌથી આગળ નીકળી જશે. કારણ કે આ કોમમાં સંગઠનની ભાવના રહેલી છે જે સમાજ આવનારી પેઢીની ચિંતા કરે છે તે સમાજના યુવાનો સૌથી વધારે વિકાસ કરી આગળ વધે છે. હું અન્ય સમાજને પણ પાટીદાર સમાજની પ્રવૃતિઓમાંથી પ્રેરણા લઈને આગળ વધવા જણાવું છું. એક મોટો બિઝનેસ સ્થાપીને અનેક પરિવારોને રોજી રોટી આપી શકાય છે. તેમને રોજગાર મળે છે દેશની જી.ડી.પી. વધે છે. રાષ્ટ્ર સમૃધ્ધ બને છે. GPBSના માધ્યમથી તમને સૌને આગળ વધવા રાષ્ટ્રને ઉપયોગી થવા માટેની પરમાત્માને પ્રાર્થના કરું છું. આપ સૌ આગળ વધો અને આપણો દેશ આગળ વધે.



કાર્યક્રમના અંતે સરદારધામના ઉપપ્રમુખ તેમજ ભવનદાતા CA શ્રી વી.વી.પટેલે કાર્યક્રમમાં ઉપસ્થિત મહામહિમ રાજયપાલશ્રી તથા અન્ય આમંત્રિતોનો આભાર માની રાષ્ટ્રગાન કરીને કાર્યક્રમની પૂર્ણાહૂતિ કરી. કાર્યક્રમનું સંચાલન સરદરધામના ઉપપ્રમુખ ડૉ.જાગૃતિબેન પટેલે કર્યું હતું.




જય વસાવડા
જાણીતા યુવા કટાર લેખક


# મહાલક્ષ્મીનું
## મનીમેજિક, વિટામીન Mનું ટોનિક !

અમુક વાક્યો એવા હોય જે અમર અને અફર સત્ય હોય. ભર્તૃહરિના 'નીતિશતક'ના આ ક્લાસિક શ્લોકનુંય એવું જ. જેની પાસે માલ અર્થાત્ ધન છે, એ જ કુળવાન, મહાપંડિત, સજ્જન, ગુણિયલ, વિદ્વાન, ઉત્તમ વક્તા અને સુંદર ગણાય છે. તમામ ગુણો સુવર્ણ યાને પૈસા પર આધારિત છે!

જી હા. લક્ષ્મીપૂજનનો તહેવાર દિવાળી કંઈ અમસ્તો જ ઉત્સવશ્રેષ્ઠ નથી. નાણાં વગરનો નાથીયો નાણે નાથાલાલ! પૈસો શ્રાપ છે એવો ઉપદેશ ભલે અપાતો. પણ આ શ્રાપ તમારી પાસેથી ખરીદી લેવા બધા જ તૈયાર હોય છે. પૈસાને કારણે ઘણીવાર મૂર્ખ લોકો પ્રતિષ્ઠિત થઈ જાય છે અને પ્રતિષ્ઠિત લોકો મૂર્ખ સાબિત થાય છે. સમરસેટ મોમનું વિખ્યાત ક્વોટ છે: "પૈસો એ છઠ્ઠી ઈન્દ્રિય સમાન છે અને તેના વગર બાકીની પાંચેય ઈન્દ્રિયોનો કોઈ ઉપયોગ નથી!" હમણાં સ્ટીફન હોકિંગનું મૃત્યુ બાદ રજૂ થયેલું પુસ્તક ઈશ્વર છે કે નહીં એ મુદ્દે ચર્ચામાં છે. એ વાત પડતી મૂકીએ પણ એ તો હકીકત છે કે સ્ટીફન હોકિંગ પૈસા વગર એમની શારીરિક અક્ષમતાઓ સામે ઝઝૂમીને આવા પુસ્તકો લખી જ શક્યા ન હોત!

જિજીવિષા તો હોય પણ ટેકનોલોજી ખરીદવાનું અને મેઈન્ટેઈન કરવાનું બજેટ તો જોઈએ ને! માણસે તો સાવ મફતમાં મળેલા ખોરાક, જમીન, પાણી, વૃક્ષ - તમામ નેચરલ રિસોર્સિસને રૂપિયાના સ્કેલમાં ગોઠવી દીધા છે. દુનિયામાં હરહંમેશ બુદ્ધિશાળી પ્રતિભાશાળી મનુષ્યોને પોતાની બુદ્ધિ કે પ્રતિભાની કદર માટે ક્યારેક સાવ બુદ્ધિશૂન્ય કે પ્રતિભાશૂન્ય પૈસાદારોની મદદ લેવી જ પડે છે. ધનવાન થવાની કળા એવી કળા છે કે જે આવડી જાય તો બાકીની કળાઓ શીખવાની જરૂર નથી!



પછી કલાકારો કે વિદ્વાનોને એન્ટીક પીસની જેમ ઘરમાં સજાવી શકાય છે. આ જગતમાં દરેક કવિ કાલિદાસ ને એક રાજા ભોજની અનિવાર્ય

આવશ્યકતા છે. બોની કપૂરના પૈસા વિના શેખર કપૂરનું 'મિસ્ટર ઈન્ડિયા' બનતું નથી. રાહેજા બિલ્ડર્સના ઈન્વેસ્ટમેન્ટ વિના વિનોદ મહેતાનું 'આઉટલૂક' મેગેઝિન બહાર પડતું નથી. શેખર કપૂરે એકવાર કહેલું : એકલા મુંબઈમાં જ મારાથી વધારે ટેલેન્ટેડ હજાર માણસો હોય પણ એમની પાસે ફિલ્મ બનાવવાના ફદિયાં નથી. માટે એમને કોઈ જાણતું નથી કોઈપણ ધર્મસ્થળ કે શિક્ષણસંસ્થામાં ભાગ્યે જ વંચાતી પણ તરત જ દેખાતી યાદી સખાવતીઓની તકતીઓની હોય છે. મનીપાવરની શોધ જ માણસની મહાન સિદ્ધિ છે. કારણ કે, બાકીની બધી જ શોધોમાં એની જરૂરિયાત મહેસુસ થાય છે. સબસે બડા રૂપૈયા.

પણ આ રૂપિયાનો સિક્કો જગતભરમાં ગોળાકાર એટલે છે કે માણસને અહેસાસ થાય કે, તેની ફરતે પૂરજોશથી આખું ચક્કર મારવા છતાં અંતે ઉપર નીચે આગળ પાછળ ક્યાંય પહોંચી શકાતું નથી ! છેવટે જે શરૂ કર્યું ત્યાં જ પાછા ફરવું પડે છે. છતાંય દોટ ચાલુ રાખીએ તેનો કદી છેડો જ આવતો નથી.



સંસ્કૃત કૃતિ 'ગાથાશપ્તસતી'માં એક શ્લોક છે જેનો અર્થ એવો થાય છે કે જંગલના પ્રદેશમાં ડાળી કે પાંદડા વિનાનું વાંકુંચૂકું ઠૂંઠું ભલે થવું પડે, પણ આ મનુષ્યલોકમાં રસિક હો તો ગરીબ ન થવું ! શોખ હાઈ લાઈફના હોય ને જિંદગી લોઅર મિડલ ક્લાસની હોય એ રાતે પાણીએ રોવાની આજીવન કેદ છે. મૃચ્છક્ટિકમ નાટકમાં તો રોકડું કહેવાયું છે : મૃત્યુની વેદના ક્ષણિક છે, પણ દરિદ્રતાની કાયમી છે !

વારતહેવારે સભાઓમાં (અને હવે તો ચેનલોમાં !) ઘણા ધર્મધુરંધરો પબ્લિકને મફતની શિખામણ આપે છે કે પૈસો તો હાથનો મેલ છે. આવું કહેનારાઓ ખુદ લખલૂટ દ્રવ્યપ્રાપ્તિ વિના કદી કેમેરા સામે આવતા નથી. આ તમામે એમનો મેલ તાકીદે સાફ કરી આપણને આપી દેવો જોઈએ. એય સુખી ને આપણેય સુખી ! પણ આપણે ત્યાં અમુક પરમપૂજ્યશ્રીઓ પૈસાનો સ્પર્શ નથી કરતા, ભોગવટો તો ભરપૂર કરે છે !

સેક્સ પછી ભારતવાસીઓનો સૌથી મોટો દંભ પૈસાની બાબતમાં છે. રૂપ અને રૂપિયાનું સૌથી વધુ ખેંચાણ ધરાવતો આ દેશ એની જાહેર કબૂલાતમાં શરમથી કોકડું વળી જાય છે. અહી દર બીજો માણસ અભાવના લીધે કે અતિરેકને લીધે ફિલસૂફ બની જાય છે. મકરંદ દવેની સ્ટાઈલમાં 'નોટ ને સિક્કા નાખ નદીમાં, ધૂળિયે મારગ ચાલ' કહેનારાઓનો તૂટો નથી. પણ સ્વામિનારાયણ સંપ્રદાયના નિષ્કુળાનંદજીનું પેલું અદ્‌ભુત ભજન યાદ રાખવા જેવું છે : 'ત્યાગના ના ટકે રે વૈરાગ વિના...' ભારતીયો ત્યાગ કરી શકે છે. પણ બહુ ઓછાને એમાંથી ખરા અર્થમાં વૈરાગ આવ્યો હોય છે. લક્ષ્મીનું પણ પ્રેમ જેવું છે. એ ન મળે ત્યાં સુધી એના જ વિચાર સતાવે, મળે પછી બીજા વિચારો આવે ! પણ હવેના યુગમાં હની ય તો જ મળે ને સચવાય જો ગજવામાં મની હોય ! અમુક જૂઠાડાલુચ્ચાઓ ફલાણામાં સિધ્ધાંત આડે આવે છે, એમ કહે ત્યારે એ સિધ્ધાંત પૈસાની અતૃપ્તિનો જ હોય છે. ઓશો કહેતા એમ સાચી કિંમત જાણતા આવડે, તો બધું જ બિકાઉ છે ! સંપત્તિથી નહિ એ સેવાથી, અને સેવાથી નહિ એ સર્જકતાથી – કોઈને કોઈ રીતે જીતી જ શકાય છે.

દિવાળી એટલે રંગોળી, રોશની, આતશબાજી, મીઠાઈ, નવાં વસ્ત્રો, નવી સજાવટ, ભેટસોગાદો, સાજશણગાર... આ બધા વિના દીપોત્સવી મનાવી શકાય ? અને રોકડા કે ઉધાર... પણ નાણાં વિના કોડિયામાં પૂરવાનું તેલ પણ મળે ખરું ? ઈટ્સ ઓલ એબાઉટ મની, હની. કોણે કીધું ગરીબ છીએ ? કોણે કીધું રાંક ? લક્ષ્મીનું પૂજન માત્ર દિવાળીની રાત્રે જ થાય એવું નથી.

તાણીતૂસીને દેખાદેખીમાં કરેલા હોય કે વૈભવ છલકાતો હોય એ દેખાડી દેવા માટે હોય... આપણા લગ્નસમારંભો કેવા ભપકાદાર હોય છે ? કેટલાક જન્મદિનો કે સંસારત્યાગીઓના ય અમુક ઉત્સવો કેવી ગ્લેમરસ રીતે ઉજવવામાં આવે છે !

વોલેટમાં વજન વધે ત્યારે ચાલમાં કોન્ફિડન્સ વધી જાય છે. ગજવામાં ગરમી ન હોય તો તહેવારોના તમાશામાં ધ્રૂજારી છૂટી જાય છે. આફ્ટરઓલ, પર્વનો તમાશો એ બીજાને આંજી દેવાની તક બની જતી ઘટના છે. એચ. મેન્ડેન નામના અમેરિકને કહેલું - અમીર હોવું એટલે તમારા સાઢૂભાઈ કરતાં ૧૦૦ ડોલર વધારે કમાતા હોવું ! ઓલ સેઈડ એન્ડ ડન, વિટામિન 'એમ' યાને મની ઉત્સવોનું હેલ્થ ટોનિક છે. ઉત્સવ જ નહિ, જિંદગીનું પણ ! પેલો 'પ્રેરક પ્રસંગ' યાદ છે ? જાણીતા ડૉક્ટર પાસે જાતભાતના શારીરિક- માનસિક ફરિયાદો લઈને આવનાર એક મુફલિસ દર્દીને દવાઓનું પ્રિક્રિપ્શન આપવાને બદલે ભલા ડૉક્ટરે સોનાની પાંચ ગિનીઓ આપી હતી ! દર્દીનું સઘળું દરદ ગાયબ !



જોઈતા પૈસાનો અભાવ ભારતીયોની નીદર હરામ કરી દેતી ચિકનગુનિયા અને ડેન્ગ્યૂથી પણ હઠીલી મહામારી છે. વિટામિન એમનું મેજિક ભલભલા લકવાગ્રસ્તોને પણ મેરેથોન રનર બનાવી દે છે. આંધળાને દેખતા અને દેખતાને આંધળા કરી શકે છે. સાઠ વરસના બૂઝુર્ગમાં સત્તર વરસના જુવાનનું કૌવત લઈ આવે છે. આ ટોનિકથી 'કાયાકલ્પ' થઈ શકે છે. જુવાની પાછી આવે છે, અને જતી હોય તો ટકી રહે છે. પૈસાદારોને રોજ રાત્રે ઊંઘની ગોળીઓ ગળીને સૂવું પડે છે એવા રાગડા તાણનારાઓ નર્યા જૂઠ્ઠાડાઓ છે. અમીરો બપોરે બે વાગે ઉઠે, તો ઊઠે એમની જી હજૂરી કરનારાઓનો તોટો નથી. નીદર તો જેની પાસે ખણખણિયા નથી હોતા, એ લોકોની ટેન્શનમાં ગાયબ થઈ જતી હોય છે. પણ ઊંઘની ગોળી ખરીદવાના ય કાવડિયાં હોવા જોઈએ ને ! 'પૈસાનો જાદૂ'એ શબ્દપ્રયોગ પણ અર્ધસત્ય છે પૈસો એ જ જાદુ છે. મની મેજિક ! પશ્ચિમના દેશોમાં સરસ્વતી લક્ષ્મીને નચાવી શકે છે, બોલાવી પણ શકે છે. પવિત્ર ભારતવર્ષમાં બ્રહ્માની પુત્રીના લલાટે વિધાતાએ સદૈવ વિષ્ણુપત્નીની ગુલામી જ કોતરી કાઢી છે.

'જ્ઞાન તો એક અમૂલ્ય જણસ છે' કહેનારાઓ જ્ઞાનીનું વાસ્તવમાં 'અવમૂલ્યન' જ કરતા હોય છે. એમના મતે જ્ઞાનનું કોઈ મૂલ્ય હોતું જ નથી. શિંગદાળિયા અને સેવમમરાના ભાવે એમને બુધ્ધિ જોઈએ છે. મંડપ સર્વિસ કે કેટરિંગ સર્વિસને પૂરા પૈસા આપવાવાળાઓને વક્તા કે લેખકને તગડો પુરસ્કાર આપવામાં લૂંટાઈ ગયાની લાગણી થાય છે. આ જ બધા પાછા મંચ પર જ્ઞાનના વારી વારી જવાય એટલા વખાણનો આફરો ચડાવે છે. જો જ્ઞાનનું આટલું જ મૂલ્ય હોય, તો એ માપવાનું માધ્યમ મની છે. લક્ષ્મીપૂજક હિન્દુસ્તાનમાં વિચારક અભ્યાસુ કરતા ગવૈયાબજવૈયા મિમિક્રી આર્ટિસ્ટ્સ વધુ કમાય છે. રોજ સવારે ઊઠીને મરી જતી ગુજરાતી ભાષાના મરશિયા ગાનારાઓ માંથી કોઈ ગુજરાતી ભાષામાં કામ કરનારાનું વળતર વધારવાના પ્રયાસો કરતા નથી. અંગ્રેજી શું લોકોને બહુ વ્હાલી લાગે છે? ના. પણ અંગ્રેજી વધુ રૂપિયા કમાવી દેતી ભાષા છે.

એવરિથિંગ હેઝ એ પ્રાઈઝ ટેગ. મંદિરે દર્શન કરવા માટે પણ વાહનમાં ફ્યુઅલ પુરાવવું પડે છે અને હવે તો પ્રસાદ પણ વેચાતો મળે છે. 'પૈસાથી સુખ મળતું નથી' - એ વાત જલેબીના ગૂંચળા જેવી છે. મેરેલીન મનરો તો કહેતી કે આવા ઘનચક્કર લોકોને સુખ ક્યાં વેચાય છે એ બજારનું

સરનામું ખબર નથી !

ક્યારેક કહેવાનું મન થઈ આવે કે આ જો સત્ય હોય તો એ સાબિત કરવાનો એક ચાન્સ આપો... પૈસા આપો અને જોઈ લેવા દો કે કેવું, કેટલુંક સુખ મળે છે ! પૈસાથી સુખ નહિ મળતું હોય, પણ નિર્ધનતામાં તો દુઃખ જ દુઃખ મળે છે. રૂપિયા જિંદગી બચાવી શકતા નથી, એ હકીકત છે. પણ એ ય હકીકત છે કે કાળઝાળ ગરમીમાં ફૂટપાથ પર તરફડીને મરવા કરતાં એરકન્ડિશન્ડ ઈન્ટેન્સિવ કેર યુનિટમાં દમ તોડવો વધુ આરામદાયક છે. ટ્રાય ટુ અન્ડરસ્ટેન્ડ, ધનથી કદી મનની મૂંઝવણો ઉકલાતી નથી. પણ તનને તાજગી મળે જ છે... લાગણીના ગૂંચવાડા પૈસાથી કદી ઉકેલી શકાતા નથી, તો એ ગરીબીથી પણ ઉકેલી શકાતા નથી ! સાચો સંબંધ અમીરી કે ગરીબી એકેયથી ખરીદી શકાતો નથી. પણ અમીરી હોય તો એવા સંબંધ બંધાયા પછી વધુ આનંદો ભોગવી શકાય છે, ઓછી તકલીફો વેઠવી પડે છે. એવો સંબંધ ન મળે તો ય થોડું મનોરંજન માણી શકાય છે. ગરીબીમાં નકરી વેદના અને નક્કર ખાલીપો જ બચવાનો છે.

અપવાદો જરૂર છે, પણ નિયમ આવો છે. પુરુષના હૃદય સુધી પહોંચવાનો રસ્તો જો એના પેટમાંથી પસાર થતો હોય (ઈટિંગ!)... તો સ્ત્રીના હૃદય સુધી પહોંચવાનો રસ્તો વોલેટમાંથી પસાર થાય છે (શોપિંગ!)... સરપ્રાઈઝ ગિફ્ટ્સ તો પ્રભુને પણ વરદાન અથવા મજબૂર કરે છે. શબ્દોની અસર પહોંચાડવા માટે પણ ઈલેક્ટ્રિસિટીથી પ્રિન્ટિંગ મશીન સુધીના ખર્ચા કરવા પડતા હોય છે. કદી રૂપિયા રળવાના ખ્વાબ પૂરા ન કરી શકનાર 'સંપત્તિની શેતાનિયત'ની વાતો કરે એ તો 'દ્રાક્ષ ખાટી છે' જેવો લુખ્ખાનો લવારો છે. પૈસો બધું નથી મેળવી શકતો એ અનુભૂતિ સમજવા માટે પણ પહેલા પૈસો મેળવવો પડે. પછી એ છૂટે તો તૃપ્તિનો ઓડકાર હશે. પહેલા એ છોડશો તો ભૂખના ભડાકા પજવશે. વિજેતા યોધ્ધા દુશ્મનને માફ કરે એ એક વાત છે, અને કાયર ડરપોક લડયા પહેલા જ ક્ષમા વીરસ્ય ભૂષણમ્ ની સોડમાં લપાઈ જાય એ જુદી જ વાત છે.

સર્જકતા હોય કે આધ્યાત્મ, એ ભીતરમાંથી આવે છે. અને ભૂખડીબારશ પ્રજાના ભીતરમાં હજુ રોટી, કપડાં, મકાન... રસ્તા, પાણી, વીજળીની ભૂખ હોય ત્યાં સુધી ધાર્મિકતા અને સંયમ અને ત્યાગ સ્વાભાવિક પણે નર્યો દેખાડો જ રહે ! ભારતે લક્ષ્મીની પૂજા જ કરી જાણી છે, હજુ મુઠ્ઠીભર વર્ગને બાદ કરતા લક્ષ્મીની કૃપાનો પૂરો સ્વાદ ચાખ્યો જ નથી. માટે જીભ પર ગમે તેવું તત્વજ્ઞાન રમતું હોય, આ દેશની નજર લક્ષ્મી પર લોલુપતાથી રમતી રહે છે. ચિત્ત રોટીમાં હોય, ત્યાં રામના પ્રવેશવાની જગ્યા ક્યાંથી હોય ? સફેદ કપડાં પહેરનારા ઉદ્યોગપતિઓ મોંઘીદાટ કારમાં ફરે ત્યાર પછી સાદગીના ઉપદેશ હવાઈ ગયેલા પાપડ જેવા લાગે... જો આ પ્રજાને ખરા અર્થમાં વૈચારિક ઉન્નતિ, કલાત્મક પ્રગતિ અને દાર્શનિક મુક્તિ સુધી લઈ જવી હોય તો કમસેકમ બે પેઢી સુધી એને પૈસાના પવનમાં ઉઠવા દેવાની જરૂર છે. 'લક્ઝરી'ની તરસ શાંત થશે, પછી કદાચ આપોઆપ માનસિક શાંતિ અને મૂલ્યોની 'ઈન્કવાયરી' આવશે. સંપત્તિ



ના સર્જન પહેલા જ આપણે સમૃધ્ધિના દાનની અહાલેક જગાવીએ છીએ.

દાન બિલ ગેટ્સ વોરન બફેટ, રોકફેલર કે અઝીમ પ્રેમજી દિલ ખોલીને કરી શકે, કારણ કે એમની પાસે રૂપિયા છે, અને એમને સાચો સંતોષ થઈ ગયેલો છે. બાકી તો ઈન્કમટેક્સની હેરાફેરી ! રાજપાટ છોડનારા બુધ્ધ કે મહાવીર ઓથોરિટીથી ત્યાગની વાત કરી શકે. માંગીને ખાનારા ભિક્ષુકોની ઔકાત નથી. ઘણું થઈ જાય પછી આપમેળે કંટાળો આવતા બધું છૂટી જતું હોય છે. એની અપીલો કરવી નહિ પડે.

મૂળ તો માણસ આવતીકાલની અસલામતીનો શ્રાપ ઓઢીને પૃથ્વી પર વિહરતો સજીવ છે. ટુમોરો ઈઝ બિગેસ્ટ એનિમી. સોનાના ઘરેણા કેમ સાચવતા જૂનવાણી લોકો ? આવતીકાલની આફતવેળાએ કામ આવે માટે ! આ ય એક પ્રકારનો નેગેટિવ એટિટ્યુડ જ છે. જે પૈસો કમાય છે, એ પરાક્રમી નથી. સંઘરાખોરી કરીને રાખેલા ધનનો પગી છે ! પૈસો ખર્ચાશે, વહેંચાશે તો જ વધશે. કોઈ રૂપિયા પડાવી લેવા એ છેતરપિંડી છે. મા-બાપના રૂપિયા ઉડાવી દેવા એ ઉડાઉગીરી છે. પણ પૈસા જાતે કમાયા પછી એને વળગી રહેવું એ ય બેવકૂફી છે. રૂપિયા ખર્ચે છે, તે ખરો સાહસિક છે.

'રૂપિયાના ગુલામ ન બનવા'ની શિખામણ જે શાણા અનુભવીઓ આપી ગયા છે, એનો અર્થ આપણે અવળો કરી રૂપિયાથી દૂર ભાગ્યા. આ જનતા ભિખારી બને એમાં નવાઈ નથી. એને ગરીબીનું ગૌરવ છે ! રૂપિયા કમાવા તમારી પ્રાયોરિટી ન હોય, તો તમે કદી રૂપિયાની પ્રાયોરિટીમાં આવતા નથી. જે કમાવાની તમન્ના સાથે મેદાને પડે એના શ્રીમંત થવાના ચાન્સ ફિફ્ટી - ફિફ્ટી છે. પણ જે રૂપિયાને ચાવળા ચિંતનથી ભરમાઈને જરાય મહત્વ જ નથી આપતો એની નિષ્ફળતા હન્ડ્રેડ પર્સેન્ટ સ્યોર છે ! ગાંધીજીની ત્યારે ય દંભ બની ગયેલી સાદગીનો મહિમા છોડી, લક્ષ્મીપૂજન કરતા ઐશ્વર્યના ગુણગાન ગાવાની જરૂર છે. નહિ તો જ્યાં લક્ષ્મી નથી પૂજાતા ત્યાં જ એમની કૃપા આવશે અને અહી મંદીમાં જ માંદા રહીશું. ગિફ્ટમાં આપવાના ડાયમંડ હશે તો કિસ મળશે, નહિ તો મિસ હશે એ ય જતી રહેશે એવો જમાનો છે.

તો જરૂરિયાત વધારો. ખર્ચ વધારો. સામે આવક વધારો. બચત કરતા કમાણીના નવા રસ્તા પર ફોકસ કરો. એ માટે દાંત કચકચાવીને ઉદ્યમ કરો, દિમાગની ધાર કાઢો. ત્રેવડ પ્રમાણે સપના જોઈ એને સાકાર કરો. જે દેશો પૈસાદાર છે, ત્યાં બીજી જે મુસીબતો હોય તે... સ્વચ્છતા છે. ઉમદા ગુણવત્તા છે. ભૌતિક સુખોની રેલમછેલ છે. શુધ્ધ પર્યાવરણ અને સ્વાસ્થ્ય છે. પહેલા એટલું તો મેળવો !

અથર્વવેદના ૧૫મા સૂક્તની ત્રીજી ઋચા છેઃ જેવી રીતે પહાડો પાણીના ઝરા ભેગા થવાથી વેગવાળી, ઉપકાર કરનારી નદીઓ વહેવા લાગે છે અને એ ઉનાળામાં પણ સુકાતી નથી... એવી જ રીતે આપણે બધા મળીને જ્ઞાન અને ઉત્સાહથી વીજળી, અગ્નિ, વાયુ, સૂર્ય, પાણી, પૃથ્વી વગેરે પદાર્થોથી ખૂટે નહિ તેટલું ધન મેળવીએ અને તેને ઉત્તમ



કામોમાં ખર્ચ કરીએ.

બોલો, જે સમયે દિવાળી જેવા કોઈ પર્વોની આજના જેવી માર્કેટ બેઝ્ડ ઉજવણી નહોતી, એ સમયે પ્રાચીન ભારતમાં પણ ધન કમાવાનો જ નહિ, ખર્ચવાનો પણ મહિમા ગવાયો છે ! ખરેખર માણસે 'પૈસો મારો પરમેશ્વર ને હું પૈસાનો દાસ' ને બદલે 'હું પૈસાનો સ્વામી, પૈસો મારો ચાકર' વાળો એપ્રોચ કેળવવો જોઈએ. તમે જો નહિ વાપરો તો તમારા પૈસા કોઈ માલ્યા કે નીરવ મોદી વાપરી જ નાખવાના છે ! આપણે આમ પ્રોફિટક્રેઝી છીએ, બધો વિચાર નફા નુકસાનથી જ કરીએ છીએ. ને આમ પાછા વૈભવ વિલાસને માર્કેટિંગને પાપ ગણીએ. શ્રીમંત માટે છૂપો તિરસ્કાર અને કંગાળ માટે કેબીસીના સોબ સોબ સોપ ઓપેરા જેવી છૂપી મમતા રાખીએ ! દિવાળીઓ આવે ને જાય, પણ આ બેવડાં ચહેરા સુધરતા નથી ! પૈસો જે મિનિટે સગવડોનું સાધન મટીને મોહનું પ્રલોભન બને છે, પછી અંકલ સ્ક્રૂજ જેવા લોભનો પ્રારંભ થાય છે. એ મૃગતૃષ્ણા સમજવા રજાઓમાં 'તુમ્બાડ; જેવી ચકાચક ફિલ્મ જોઈ નાખજો !

મહેન્દ્ર મેઘાણીએ વર્ષો પહેલા લખેલું ને ત્યારે ય બહુ ગમેલું કે " માણસ પૈસા પાછળ પડે તો લાલચુ કહેવાય, જો એ પૈસા ભેગા કરે તો કંજૂસ કહેવાય. ખર્ચી નાખે તો ઉડાઉ ને ન મેળવે તો કડકો કહેવાય ! એને પૈસા મળે નહિ તો એ નમાલો કહેવાય અને પૈસા માટે મથે નહીં તો મહત્ત્વાકાંક્ષાહીન કહેવાય. વિના પરિશ્રમે પૈસો મેળવે તો ગુનેગાર કહેવાય. અને આખી જિંદગી પરિશ્રમ કરીને પૈસો મેળવે તો લોકો કહેશે - મૂરખ ને જિંદગીનો આનંદ માણતા આવડ્યું નહિ !"

શાહરૂખખાને એટલે જ કહ્યું છે, ડોન્ટ બી એ ફિલોસોફર, બિફોર યુ બિકમ રિચ. હેવ છનછનાછન દિવાલી એન્ડ હેપી ન્યુ ઈયર !

ઝિંગ થિંગ

**આરંભાણસ્ય ધ્રુવમ લક્ષ્મીર્મમરણમ્ વા**
**ભવતિ પુરુષસ્ય**
**તન્મરણમ્ અનારંભે ભવતિ લક્ષ્મી પુનર્ન**
**ભવતિ.**

**ભાવાર્થ**

**જે માણસ કોઈ કાર્યનો આરંભ કરે, એને કાં લક્ષ્મી મળે, કાં મરણ થાય ( કાર્યનું કે એનું ! ) , પણ જે કાર્ય શરૂ જ નથી કરતો એનું તો મરણ જ થાય છે, ને લક્ષ્મી ક્યારેય મળતી જ નથી !**
**( સુભાષિત )**



- ટીમ સરદારધામ

# ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ GPBS-2022 પ્રમોશનલ પ્રોગ્રામ - 4 નવસારી

સરદારધામ આયોજિત ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ પ્રમોશનલ પ્રોગ્રામ-૪ નવસારી ખાતે તા. ૨૦-૧૦-૨૧ના રોજ સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજના હૉલમાં રાત્રે ૯:૦૦ કલાકે યોજાયો. આ પ્રોગ્રામમાં દક્ષિણ ગુજરાતના પાટીદાર સમાજના ઔદ્યોગિક તેમજ વ્યાપારી મિત્રોને આમંત્રણ આપી સમિટમાં જોડાવાનો પ્રયાસ કરવામાં આવ્યો. આ પ્રમોશનલ પ્રોગ્રામમાં નવસારીમાં અલગ-અલગ ૯ જેટલા પાટીદાર સમાજના અગ્રણીઓ તથા ઔદ્યોગિક તેમજ વ્યાપારી ભાઈઓ, સરદારધામના સ્થાપક ટ્રસ્ટીશ્રી મનહરભાઈ સાચપરા, ટ્રસ્ટી તેમજ સમસ્ત પાટીદાર સમાજ સુરતના પ્રમુખ શ્રી વેલજીભાઈ શેટા, મધુભાઈ કથીરિયા, ચીમનભાઈ ગજેરા, મહેશભાઈ પટેલ, રમેશભાઈ, શંકરભાઈ પટેલ, ધીરુભાઈ ભાડજા, GPBS -૨૦૨૨ના કન્વીનર, સહકન્વીનર, GPBO યુથ ટીમ સૌ ઉપસ્થિત રહ્યા. સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજના નવસારી પ્રમુખ શ્રી મધુભાઈ કથીરિયાએ પોતાના સ્વાગત પ્રવચનમાં સરદારધામ આયોજિત કાર્યક્રમમાં ઉપસ્થિત સૌને આવકારી શાબ્દિક સ્વાગત કર્યું.

સરદારધામ આયોજિત ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ – ૨૦૨૨ના સહકન્વીનર શ્રી ગણપત ધામેલિયાએ તા. ૨૬-૨૭-૨૮ ફેબ્રુઆરી ૨૦૨૨ દરમ્યાન સુરતના સરસાણા ખાતે યોજાનાર છે તે અંગે માહિતી આપતા જણાવ્યું કે આ સમિટની જે વિશેષતાઓ અંગે વિસ્તૃત માહિતી આપી. આ સમિટમાં સ્પોન્સર, સ્ટોલધારક, વિઝિટર તરીકે જોડાવા માટે આમંત્રણ આપ્યું. કંપનીના વિકાસ માટે તેની બ્રાન્ડ વેલ્યૂ ઊભી કરવા માટે શું કરવું જોઈએ તે જણાવ્યું.

મહેશભાઈ પટેલે આ પ્રમોશનલ પ્રોગ્રામમાં પોતાના પ્રસંગોચિત્ત પ્રવચનમાં જણાવ્યું કે સુરતનો આ પ્રોગ્રામ આપણા સૌની છાતી ગજ ગજ ફૂલે તેવો છે. આપણે સૌએ તેમાં જોડાવું જોઈએ. પરદેશમાં તથા દેશમાં રહેતા પાટીદારોના ધનનો ઉપયોગ સમાજના વિકાસમાં કરવા



માટે જણાવ્યું. તથા અમે સૌને જોડવા માટે પ્રયત્નો કરીશું. GPBS -૨૦૨૨ના કન્વીનર શ્રી મનિષભાઇ કાપડિયાએ સમિટ શા માટે શરૂ કરવામાં આવી તેનું મહત્વ સમજાવ્યું. સરદારધામ સમસ્ત પાટીદાર સમાજ માટે અલગ-અલગ ઝોનમાં જે કામગીરી કરી રહ્યું છે તે વિશે માહિતી આપી. દિલ્હી ખાતે શરૂ થનાર સિવિલ સર્વિસ સેન્ટર વિશે પણ જણાવ્યું તેમજ સુરત ખાતે આકાર લેનાર સરદારધામના આયોજન અંગે જણાવી સરદારધામના પાંચ લક્ષ્યબિંદુઓ વિશે માહિતી આપી. સરદારધામ સાથે જોડાવા માટે જણાવ્યું. સરદારધામ આવતી પેઢીને સામાજિક કામ કરવા માટે તૈયાર કરે છે. સરદારધામની આ સમિટ સરકાર દ્વારા યોજાતી વાઈબ્રન્ટ સમિટ સમકક્ષ હશે. સરદારધામ દ્વારા જે સમિટનું આયોજન સુરત ખાતે કરેલ છે. તેની વિગત આપી તથા ૨૦૨૪ અને ૨૦૨૬માં જે સમિટનું આયોજન થશે તેની માહિતી આપી.આ સમિટમાં સ્પોન્સર તરીકે, સ્ટોલધારક તરીકે તેમજ અન્ય રીતે જોડાવા માટે આમંત્રણ આપ્યું.



સુરેશભાઇ કોરાટે સરદારધામ દ્વારા યુવા શક્તિના સર્વાંગી વિકાસ માટે જે પ્રવૃત્તિઓ થઈ રહી છે તે અંતર્ગત GPBO વિશે માહિતી આપી. અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, મુંબઇ, મહેસાણા, વિસનગર જેવા સ્થળોએ જુદી-જુદી વિંગ ચાલી રહી છે. આ GPBO ના માધ્યમથી યુવા વેપારીઓને જે લાભ મળી રહ્યો છે તે જણાવી તેમાં જોડાઇને બિઝનેસનો વિકાસ કરવા માટે યુવાનોને આમંત્રણ આપ્યું.

સરદારધામના સ્થાપક ટ્રસ્ટીશ્રી મનહરભાઇ સાચપરાએ પોતાના પ્રસંગોચિત્ત પ્રવચનમાં સૌને અલગ-અલગ પ્રાંત કે ઝોનના સમાજને બદલે સમસ્ત પાટીદારના આપણે સૌ સભ્યો છીએ એમ જણાવ્યું. સરસાણા સુરત ખાતે તા. ૨૬-૨૭-૨૮ ફેબ્રુઆરી ૨૦૨૨ના સમય દરમ્યાન સરદારધામ દ્વારા યોજાનાર ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટમાં જોડાવા માટે સૌને આમંત્રણ આપ્યું. એક્ઝિબિશનમાં જોડાવાથી બિઝનેસમેનને જે ફાયદો થાય તે અંગે પોતાના અનુભવો જણાવ્યા કે બિઝનેસ ડેવલપ કરવા માટે આ પ્રકારના એક્ઝિબિશનમાં જોડાવું જોઇએ.આ રીતે આપણે પાટીદાર બિઝનેસમેનનું ખૂબ મોટું સંગઠન ઊભું કરીશું જેના કારણે એકબીજાની નજીક આવી શકીશું. તેમજ તેનાથી ખૂબ ફાયદા થશે. તો આપ સૌ મોટી સંખ્યામાં જોડાવ અને મુલાકાત લો.

સમસ્ત પાટીદાર સમાજ સુરતના પ્રમુખ તેમજ સરદારધામના ટ્રસ્ટી શ્રી વેલજીભાઇ શેટાએ GPBS-૨૦૨૨ અંગે પોતાના પ્રવચનમાં આ સમિટના આયોજનને સફળ બનાવવા તેમાં જોડાવા આહ્વાન આપ્યું. આ સમિટના માધ્યમથી સમાજના જરૂરિયાતમંદ પરિવાર કે યુવાનોને જોડાવા તથા તેમને આગળ લાવવા માટે જોડાવું જોઇએ. નવસારીના તમામ બિઝનેસમેન તથા પાટીદારોને સમિટમાં જોડાવા તેમજ મુલાકાત લેવા આમંત્રણ આપ્યું.

કાર્યક્રમના અંતે હસમુખભાઇ પટેલે ઉપસ્થિત સૌ મહાનુભવો, આમંત્રિતો તેમજ સમિટના યુવા આયોજકો વગેરે સૌનો આભાર માની કાર્યક્રમની પૂર્ણાહૂતિ કરી. ડૉ.અરૂણાબેન પટેલે કાર્યકર્મનું ખૂબ સુંદર રીતે સંચાલન કર્યું.

## સરદારધામ મેગેઝિનના વાચકો જોગ

**સરદારધામ ઈ મેગેઝિનના વાચકોએ**
**મેગેઝિન અંગેના પોતાના પ્રતિભાવો**
magazine.sardardham@gmail.com
**ઉપર મોકલવા વિનંતી.**



**સ્વામી સચ્ચિદાનંદ**

દેશના આધુનિક અને વ્યવહારિક આવિષ્કારોને સમર્થન આપતા સંત

# ઈઝરાયલનો પુરુષાર્થ

ઈઝરાયલને સમજવા માટે ખરેખર તો તેની પ્રત્યક્ષ મુલાકાત લેવી જોઈએ. રાજકીય, ભૌગોલિક, આર્થિક અને માનવીય રીતે અત્યંત ‘પ્રતિકૂળ પરિસ્થિતિમાં આ દેશનો જન્મ થયો, જન્મતાં જ યુદ્ધ કરવું પડેલું. સતત યુધ્ધમય વાતાવરણમાં જીવવું પડ્યું, એટલું જ નહિ, પાંચપાંચ યુદ્ધો પણ કરવાં પડ્યાં. ભૂમિ એવી કે વરસાદ નહિ, પાણીનો બીજો સ્રોત નહિ, સૂકું રણ અને ૪૭ સેલ્સિયસ જેવી બારે માસની ગરમી. આ બધા વચ્ચે આ ટચુકડા દેશે જે પ્રગતિ કરી બતાવી છે તે વિશ્વભરના માટે ખાસ પ્રેરણાદાયી છે. આપણી આઝાદી પછી લગભગ એક વર્ષે આ દેશ અસ્તિત્વમાં આવ્યો અને માત્ર સાત જ વર્ષમાં તેણે ઉદ્યોગ-ધંધાથી બનાવેલી વસ્તુઓની નિકાસ કરીને ૪૦ કરોડ ડૉલર મેળવ્યા.આ આંકડાની તુલના પૂરા ભારત સાથે નહિ કરવાની પણ કચ્છ કે બનાસકાંઠા જેવા એકાદ જિલ્લા સાથે કરવાની. ઈઝરાયલ એટલે ભારતનો એક જિલ્લો માત્ર, એ વાત ધ્યાનમાં રાખવાની. ૧૯૬૫ની સાલમાં આવતાં આવતાં તેની નિકાસ ૨૫૮ કરોડની થઈ ગઈ. ૧૯૮૨માં ૧૯૯૦ કરોડની નિકાસ કરી, જ્યારે ૧૯૯૦ની સાલમાં ૫૦૦૦ કરોડ જેટલી નિકાસ થઈ હશે.દશ ટકાના વાર્ષિક દરે તેનું ઔદ્યોગિક ઉત્પાદન વધી રહ્યું છે.

**પ્રયોગશાળાઓ અને વૈજ્ઞાનિકો**

આટલી નાની પ્રજામાં પચાસ હજાર તો વૈજ્ઞાનિક જ છે અને પાંચ હજાર સંશોધન કરનારાઓ જુદીજુદી પ્રયોગશાળામાં સતત નવું સંશોધન કરી રહ્યા છે. જો તુલના કરવામાં આવે તો આટલા વૈજ્ઞાનિકો તથા આટલી પ્રયોગશાળાઓ તેની આજુબાજુ વસતાં વિશાળ આરબ રાષ્ટ્રોમાં પણ નહિ હોય. પ્રત્યેક દેશ તેની પ્રયોગશાળાઓ દ્વારા પ્રગતિ કરતો હોય છે. અને પ્રત્યેક પ્રયોગશાળા મેધાવી મસ્તિસ્કોથી ધન્ય થતી હોય છે. દેશમાં પ્રયોગશાળાઓની ઉપેક્ષા થાય અને બુદ્ધિશાળી ક્રીમ વર્ગને ધર્મસ્થાનોમાં ધ્યાન-ધારણામાં લગાવી દેવાય તો પરિણામ તિબેટને ભોગવવું પડ્યું તે જ પરિણામ આવે.





### હીરા-ઉદ્યોગમાં મોખરે

વિશ્વનો સૌથી મોટો હીરા-ઉદ્યોગ ઇઝરાયલમાં છે. ૧૯૮૮માં તેણે એકલા અમેરિકામાં જ ૧૩૮ કરોડ ડૉલરના હીરાની નિકાસ કરી હતી. (બીજા દેશોની નિકાસ જુદી) આ ટચુકડું ઇઝરાયલ વિશ્વભરના હીરા-બજારમાં ૮૦ ટકા સ્થાન ધરાવે છે. ભારત-ચીન વગેરે માત્ર ૨૦ ટકામાં જ આવ્યા.

બીજી અનેક વસ્તુઓની જબરદસ્ત નિકાસ આ દેશ કરે છે. મને યાદ છે કે લંડનમાં સૂર્યોદયની સાથે જ ફળો તથા શાકભાજીના બજારમાં ઇઝરયલનાં તાજાં ફળો તથા શાકભાજીઓ અરે, ગુલાબો સુધ્ધાં પહોંચી જાય છે. વિશાળકાય માલવાહક વિમાન રાતના દશ વાગ્યે બધી વસ્તુઓ લઈને ઊડે અને સવારે તો આ વસ્તુઓ સીધી બજારમાં પહોંચી જાય.

### સમૃધ્ધિ પુરુષાર્થથી આવે છે

આ દેશમાં યહૂદી, ખ્રિસ્તી અને મુસ્લિમોનાં ધર્મસ્થાનો આવેલાં હોવાથી દર વર્ષે અહીં લાખ્ખો યાત્રાળુઓ આવે છે તથા વિદેશી મુદ્રાનો ઢગલો કરી જાય છે. તેનું મૃતસરોવર એક પ્રકારથી સંપત્તિનો અખૂટ ખજાનો છે. જે સરોવર સદીઓથી આરબોના હાથમાં હતું અને વૈજ્ઞાનિક અભિગમ ન હોવાના કારણે જેનો ઉપયોગ ન કરી શકાયો તે જ મૃતસરોવરમાંથી ખનિજ દ્રવ્યો કાઢી કાઢીને ઇઝરાયલ માલામાલ થઈ રહ્યું છે. સમૃદ્ધિ પૂર્વનાં કર્મોથી, હોમહવન કરવાથી નથી આવતી પણ સમજણપૂર્વકનો ભગીરથ પુરુષાર્થ કરવાથી આવે છે, જોવું હોય તેણે ઇઝરાયલ જવું. બધી ભ્રમણાઓથી છુટકારો થઈ જશે.

ઇઝરાયલમાં ૮૨ ટકા યહૂદીઓ તથા ૧૧ ટકા મુસ્લિમો છે પણ મતાધિકારનો સમાન હક ભોગવે છે. તેઓ મત આપે છે તથા પોતાના પ્રતિનિધિ ચૂંટી મોકલે છે. રાષ્ટ્રભાષા હિબ્રુની સાથે અરબી પણ બીજા નંબરની રાષ્ટ્રભાષા છે. સર્વોચ્ચ અદાલતમાં પણ અરબી સ્વીકાર્ય છે. રેડિયો, ટી.વી. ઉપર પણ અરબીને પૂરતું સ્થાન છે. સરકારી નોકરીઓમાં પૂરતા પ્રમાણમાં આરબો છે, મુસ્લિમો પોતાનાં ધર્મસ્થાનોનો વહીવટ સ્વયં કરે છે, અર્થાત્ સરકાર કશો હસ્તક્ષેપ કરતી નથી. એટલું જ નહિ, પુરાતત્વ ખાતું કેટલાંક મુસ્લિમ ધર્મસ્થાનોનું રક્ષણ તથા પુનરુત્થાન પણ કરે છે. અહીંના આરબો ઘણા દેશનાં નાગરિકોની તુલનામાં ઘણું ઊંચું જીવન જીવે છે. તેમ છતાં લેખકને અનુભવ થયો છે કે આરબોના મહોલ્લાઓ અસ્વચ્છ તથા તેમનું સામાજિક જીવન ઊતરતું લાગ્યું. ખાસ કરીને હજી પણ તેમાંથી અનેકનાં ઘરોમાં અનેક પત્નીઓ રાખવામાં આવે છે તથા યહૂદીઓના અનુપાતમાં અધિક બાળકો ઉત્પન્ન કરે છે.

### રસ્તાઓ

ઈઝરાયલના રસ્તા બાબતમાં ડૉ. પટેલ લખે છે કે 'ઘણા રસ્તાઓ ખૂબ જ પહોળા અને વિશાળ હોય છે. એકસાથે ત્રણથી ચાર લાઇનમાં મોટરકારો જઈ શકે તેવી વ્યવસ્થા છે. રસ્તાઓ સ્વચ્છ તો છે જ પણ ક્યાંય રોડ ઉપર ખાડા પડ્યા હોય કે ડામર-સિમેન્ટ તૂટી ગયો હોય તેવું જોવા મળ્યું નથી. રોડ એટલા બધા વ્યવસ્થિત છે કે ૧૦૦ કિ.મી.ની ઝડપે મોટરકાર જતી હોય તો પણ ખ્યાલ ન આવે. રસ્તાની બંને બાજુ વૃક્ષો, ઘાસ કે ફૂલોના છોડ ઉગાડેલા હોય છે. સામાન્ય રીતે મોટરકારોની ગતિ વધુમાં વધુ ૧૪૦ કિ.મી. તથા માલવાહક ખટારાઓની ગતિ ૧૦૦ કિ.મી. જેટલી હોય છે.

'બસ સેવા માટે રસ્તામાં ઊભાં કરેલાં બસ-સ્ટેન્ડો કાચનાં છે. કદી આ કાચનાં સ્ટેન્ડોને કોઈ તોડતું નથી કે બગાડતું નથી. લોકશાહી દેશ હોવાથી આંદોલનો થાય, પણ કોઈ પ્રકારના આંદોલન વખતે રાષ્ટ્રીય મિલકતને નુકસાન કારવામાં આવતું જ નથી. આપણે ત્યાં તો આવાં બસ-સ્ટેન્ડો લોકો બીજા જ દિવસે તોડી નાખે.

બસમાં કન્ડકટર હોય જ નહિ. એકલો ડ્રાઇવર જ કંડક્ટરનું કામ કરે. તે જ કમ્પ્યૂટરથી પેસેન્જરને ટિકિટ આપે. પરચૂરણની લેવડ-દેવડમાં કોઈ ગણે જ નહિ. સૌને વિશ્વાસ કે પરચૂરણ પૂરું જ હશે.

ઈઝરાયલમાં શ્રમિક સંઘને 'હિસ્તાદ્રુત' કહેવાય છે. ઈઝરાયલનું ૬૫ ટકા ઉત્પાદન શ્રમિકવર્ગ કરે છે. હિસ્તાદ્રુતની કારોબારી જ મજૂરોનાં વેતનો નક્કી કરે છે અને જે વેતનો સરકારે આપવાનાં હોય છે તે વેતનની માગણી રાષ્ટ્રીય ઉત્પાદનના વધારા અને નફાને ધ્યાનમાં રાખીને જ કરવામાં આવે છે. આપણી જેમ આડેધડ પગાર-વધારો માગવામાં આવતો નથી. કામદારોનાં વેતનો ખૂબ જ સારાં છે. ક્યાંય કોઇનું શોષણ થતું નથી.

### સહકારી ભંડારો

ઈઝરાયલમાં સહકારી ભંડારો, ઉપભોક્તાઓને વસ્તુઓ પૂરી પાડે છે. આવા ભંડારોને 'તુવો' કહેવાય છે. 'તુવો' ખેડૂતો પાસેથી અનાજ ખરીદી તેને સાફ કરી કિલોનાં પેકેટ બનાવી સહકારી સંઘોને આપે છે. નવાઇની વાત તો એ છે કે ત્યાંના સહકારી ભંડારોમાં વેચાતી વસ્તુઓમાં એક પણ વસ્તુ ખરાબ હોતી નથી. અનાજમાં ધૂળ કે કાંકરા તો ન હોય, પણ એક દાણો ખરાબ હોય નહીં,



જેથી ત્યાં ખરીદેલી કોઈ પણ વસ્તુને ઘેર લઈ જઈને સાફ કરવાની હોતી નથી, અરે શાકભાજી પણ નહિ. શાકભાજી પણ સાફ કરેલી પ્લાસ્ટિકના કવરમાં પેક કરેલી જ આપવામાં આવે છે.

આપણે ત્યાં સહકારી ધોરણે ચાલતી દુકાનોમાંથી માલ ખરીદવાની ઈચ્છા થતી નથી, ને માલ મળે તો મોટા ભાગનો ખરાબ તેમ જ ક્વોલિટી નિમ્ન પ્રકારની હોય છે.

ડૉ. પટેલનું આખું પુસ્તક જ વાંચવા જેવું છે. પણ ત્યાંની લોકશાહી તથા ચૂંટણીપ્રથા વિશે બે શબ્દો લખી પ્રકરણ પૂરું કરીએ.

### ચૂંટણી પ્રથાની વિશેષતાઓ

ઈઝરાયલમાં પ્રત્યેક ચાર વર્ષે ચૂંટણી થાય છે, ૧૮ વર્ષ ઉપરની વ્યક્તિ મતદાતા તથા ૨૧ વર્ષ ઉપરની વ્યક્તિ ઉમેદવાર થઈ શકે છે. આ બધા હકો આરબોને પણ સમાન રીતે મળેલા છે.

અહીં ચૂંટણીમાં કોઈ વ્યક્તિ ઊભી રહેતી નથી પણ રાજકીય પાર્ટીઓ ઊભી રહે છે. રાજકીય પાર્ટી માન્ય હોવી જોઈએ. ત્યાંની પાર્લામેન્ટ (સેનેટ) માં ૧૨૦ સભ્યો છે. એટલે પ્રત્યેક પક્ષ પોતાની ૧૨૦ ઉમેદવારોની યાદી ચૂંટણીપંચને પહેલાં જ આપી દે છે. મતદાન માત્ર રાજકીય પક્ષના પ્રતીક ઉપર જ થાય છે. આપણી માફક છાપેલું મતપત્રક નથી હોતું, પણ મતદાતા જ્યારે મતદાન કરવા જાય ત્યારે માન્યપક્ષોના પ્રતિકવાળાં જુદાં જુદાં સિમ્બૉલ છાપેલાં પડ્યાં હોય છે તેમાં એક લઈને કવરમાં બંધ કરીને મતપેટીમાં નાખી દેવાનું, આમ કરવાથી એક પણ મત બગડતો નથી. આપણે ત્યાં ૫-૭-૧૦ કે ૫૦ જેટલા ઉમેદવારોનાં નામોવાળું મતપત્ર હોય છે. તેમાં નિશ્ચિત જગ્યાએ સિક્કો લગાવવાનો હોય છે. જો સિક્કો જરા પણ આઘોપાછો લાગે તો મતપત્રક રદ થાય છે, આપણા મોટા ભાગના અભણ મતદાતાઓ માટે આ પ્રથા ઘણી ત્રાસદાયક બને છે. ઈઝરાયલમાં સવારના ૭ વાગ્યાથી રાતના બાર વાગ્યા સુધી મતદાન ચાલે છે. બાર વાગ્યે મતદાન પૂરું થાય કે તરત જ ત્યાં ને ત્યાં જ મતગણતરી ચાલુ થઈ જાય છે. સવારે તો પરિણામ જાહેર થઈ જાય છે.

ચૂંટણીપ્રચાર વખતે એક પણ ભીંત ઉપર કાંઈ જ લખવામાં આવતું નથી. વ્યક્તિ તરીકે ચૂંટણી ન લડાતી હોવાથી વ્યક્તિગત આક્ષેપો કે કાદવ ઉછાળવાની પ્રવૃતિ નથી થતી. બીજી બાજુ પ્રત્યેક પક્ષના ઉત્તમ ઉમેદવારો અવશ્ય ચૂંટાઈ આવે છે, કારણ કે તેમનાં નામો મથાળેથી શરૂ થાય છે. માનો કે એક પક્ષને કુલ મતના ૫૦ ટકા મતો





મળ્યા. તે પક્ષના એકથી સાઠ સુધીના ઉમેદવારો વિજયી ઘોષિત થઈ જશે. જેને દશ ટકા જ મતો મળ્યા તેના પણ ૧૨ ઉમેદવારો ચૂંટાયેલા જાહેર થશે. પ્રત્યેક મતનું પ્રતિનિધિત્વ નેસેટમાં જશે. અગિયાર ટકા આરબો પણ પોતાની સંખ્યા પ્રમાણે સભ્યોને નેસેટમાં મોકલી શકે છે.

પેટાચૂંટણી ત્યાં થતી જ નથી.કોઈ સભ્યની જગ્યા કોઈ પણ કારણસર ખાલી પડે તો તેના જ પક્ષનો સૌથી ઉપરનો માણસ આપોઆપ ચૂંટાયેલો જાહેર થઈ જશે. પક્ષપલટો પણ ત્યાં થતો નથી. કારણ કે વ્યક્તિનું મહત્વ પક્ષના દ્વારા છે. પક્ષત્યાગ કરતાં જ તે નેસેટનો સભ્ય મટી જાય છે.

નેસેટની ચૂંટણી પ્રત્યેક ચાર વર્ષે થાય છે. ચૂંટણીની તારીખ કાયમ માટે નક્કી જ હોય છે. પ્રત્યેક ચોથા વર્ષના નવેમ્બરના ત્રીજા મંગળવારે નક્કી ચૂંટણી થાય છે. આમાં કોઈ ફેરફાર થતો નથી. ચૂંટણી ક્યારે થશે તેની અનિશ્ચિતતા પક્ષોમાં કે પ્રજામાં હોતી નથી. આવી જ રીતે પ્રધાનમંડળમાં ૧૮ જ સભ્યો લેવાય છે. ન ઓછા કે વધારે.

### રાજકીય પક્ષો

ઇઝરાયલમાં છ રાજકીય પક્ષો છે. મોટાભાગે ત્યાં સંયુક્ત મંત્રીમંડળ બનતું રહ્યું છે. ત્યાંનો એક બીજો રિવાજ બહુ મહત્વનો છે. પ્રધાનમંડળના સભ્યો ઉપર પહેલાં નેસેટ વિશ્વાસ વ્યક્ત કરતો ઠરાવ પાસ કરે તે પછી જ પ્રધાનમંડળના સભ્યો પોતપોતાના હોદ્દા તથા વફાદારીના સોગંદ લેતા હોય છે.

આપણે ત્યાં પહેલાં હોદ્દાના સોગંદ લઈને પ્રધાનમંડળ કામકાજ શરૂ કરી દે છે. ખરાખોટા નિર્ણયો કરવા લાગે છે. પોતાને સમર્થન મળી રહે તે માટે લોભ-લાલચના પ્રયત્નો પણ કરે છે. આ રીતે ભ્રષ્ટાચાર વધે છે તથા સભ્યોનું ચારિત્ર્ય નીચું ઊતરે છે.

ઈઝરાયલે વિશ્વને ટપકપધ્ધતિની ખેતી આપી છે. માત્ર ટીપુંટીપું ટપકાવીને વધુમાં વધુ ખેતીનું ઉત્પાદન લઈ શકાય છે. આ ટપકપદ્ધતિના કારણે ત્યાં ખેતરોમાં નીકો નથી, કોઈ ખેતરને વાડ નથી, રખડતું ઢોર નથી, કદી ભેલાણ થતું નથી, છેક રોડ સુધી વાવેતર થતું હોય છે. પુષ્પો રોડની બંને બાજુએ ઝૂમતાં હોય છે, પણ કોઈ તેને તોડતું નથી.

ઈઝરાયલ સૂર્યશક્તિ દ્વારા દર વર્ષે ૧૧૦૦ મેગાવૉટથી વધારે વીજળી મેળવે છે. કોઈ એવું ઘર જોવા નહિ મળે જ્યાં સૂર્યશક્તિની વ્યવસ્થા નહિ હોય.

આ ટચુકડો દેશ, તેનું બંધારણ, તેની વ્યવસ્થાશક્તિ, તેની ખેતી, તેનું ઔદ્યોગિક ઉત્પાદન, તેની રાષ્ટ્રભાષા, તેની સૈનિકશક્તિ વગેરે તમામ, પાસાંઓને જાણવા-સમજવા 'શક્તિ અને સમૃદ્ધિનો દેશ ઇઝરાયલ' પુસ્તક વાંચવું જરૂરી છે.

- ટીમ સરદારધામ

# ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ GPBS-2022 પ્રમોશનલ પ્રોગ્રામ - 5 વડોદરા

સરદારધામ સમસ્ત પાટીદાર સમાજના યુવાશક્તિના સર્વાંગી વિકાસ માટે પોતાના પાંચ લક્ષ્યબિંદુઓ અંતર્ગત કામગીરી કરે છે. તેના ભાગરૂપે ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટનું આયોજન દર બે વર્ષે કરવામાં આવે છે. આગામી સમિટ સુરત ખાતે તા.૨૬-૨૭-૨૮ ફેબ્રુઆરી ૨૦૨૨ દરમ્યાન યોજાશે. તેનો પ્રમોશનલ પ્રોગ્રામ વડોદરા ખાતે તા. ૨૫-૧૦-૨૧ને સોમવારે પંડીત દીનદયાળ હૉલમાં ભારતીય જનતા પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલના અધ્યક્ષપદે યોજાયો.

કાર્યક્રમના પ્રારંભે સરદારધામના ઉપપ્રમુખ અને મધ્યગુજરાતના ભૂમિદાતા શ્રી પારૂલભાઇ કાકડિયાએ પોતાના પ્રવચનમાં કાર્યક્રમના અધ્યક્ષ, ભૂમિદાતાઓ, સ્થાપક ટ્રસ્ટીઓ, ટ્રસ્ટીઓ, આમંત્રિત મહેમાનો GPBO યુથ, GPBS-૨૦૨૨ના આયોજકો યુવા તેજ-તેજસ્વિનીના કાર્યકરોને આવકાર્યા. તેમણે પોતાના પ્રવચનમાં વડોદરા ખાતે આકાર લઈ રહેલ સરદારધામની સ્થિતિ, ગતિ,પ્રગતિ અંગે માહિતી આપી સૌને વાકેફ કર્યા.

સરદારધામના પ્રમુખ સેવકશ્રી ગગજીભાઇ સુતરિયાએ પોતાના પ્રાસંગિક પ્રવચનમાં સરદારધામના મિશન-૨૦૨૬ અંતર્ગત તેના પાંચ લક્ષ્યબિંદુઓ અંતર્ગત તેની સમાજોપયોગી પ્રવૃતિઓ વિશે માહિતી આપતા પ્રવચનમાં પ્રારંભે ઉપસ્થિત સૌ મહાનુભાવોને આવકાર્યા. તેમણે જણાવ્યું કે વડોદરા ખાતે ૧૦૦ કરોડનાં ખર્ચે તૈયાર થનાર સરદારધામ ભવન વિશે સૌને માહિતી આપી. સરદારધામના પાંચ લક્ષ્યબિંદુઓ અંતર્ગત ૧૦ હજાર દીકરા-દીકરીઓને રહેવા માટે પરવડે તેવા છાત્રાલયોનું નિર્માણ કરવું. ૧૦ હજાર દીકરા-દીકરીઓને વહીવટી ક્ષેત્રે મોકલવા. ૧૦ હજાર બિઝનેસમેનોનું સંગઠન કરવું. ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટની વિશેષતાઓ અંગે માહિતી આપતા જણાવ્યું કે આ સમિટમાં સરદારધામનું પ્લેટફોર્મ તમામ ઔદ્યોગિક-વ્યાપારીઓ માટે ખુલ્લું છે. તેમાં સૌ કોઇ સ્પોન્સર તથા સ્ટોલધારક તરીકે જોડાઇ શકે છે. આના માધ્યમથી સૌને સમૃધ્ધિની દિશામાં લઈ જવા માટેનો પ્રયાસ છે. સરદારધામ બિનરાજકીય તેમજ બિનસાંપ્રદાયિક સંસ્થા છે. મધ્યગુજરાતની ભૂમિએ દેશને સરદારસાહેબ, ભાઈકાકા, એચ.એમ.પટેલ, ત્રિભુવનભાઈ પટેલ જેવા મહાનુભાવો આપ્યા છે. ૨૦૧૮ અને ૨૦૨૦ની સમિટની સફળતાની જેમ જ ૨૦૨૨ની સમિટમાં અલગ-અલગ સ્વરૂપે સાથે મળી ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ તેમજ સરદારધામની વિચારયાત્રામાં જોડાઇ સફળ બનાવવા આહ્‌વાન કર્યું. આવો આપણે સૌ સાથે મળી ગુજરાતને શાંતિ પ્રિય અને સમૃધ્ધ રાજ્ય બનાવીએ.








સંજયભાઇ પટેલ GPBO યુથ વડોદરા તેમજ પલક પટેલ પાલ ઈવેન્ટસ દ્વારા GPBS-૨૦૨૨નું પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું. સરદારધામ દ્વારા મધ્યગુજરાત સરદારધામનાં સંકુલ નામકરણ દાતાશ્રી દુષ્યંતભાઇ આર. પટેલનું કાર્યક્રમના અધ્યક્ષના હસ્તે કરવામાં આવ્યું. તેમજ સરદારધામ મધ્યગુજરાતના ભૂમિદાતા શ્રી ભુપેન્દ્રભાઇ એ. પટેલ, USA વતી તેમનું સન્માન શ્રી પારૂલભાઇ કાકડિયાએ સ્વીકાર્યું.

સરદારધામની પ્રવૃતિથી પ્રેરિત થઈને કાર્યક્રમ દરમ્યાન ભાજપ ગુજરાત પ્રદેશ પ્રમુખ શ્રી સી.આર.પાટીલ, શ્રી અક્ષયભાઇ પટેલ-ધારાસભ્ય-કરજણ, શ્રી અશ્વિનભાઇ ગોવાળિયા ન્યાલકરણ ગ્રૂપ, શ્રી સુરેશભાઇ પાનસુરિયા સિધ્ધેશ્વર ગ્રૂપ, શ્રી યોગેશભાઇ પટેલ ધારાસભ્ય-રાવપુરા, સરદારધામના સ્થાપક ટ્રસ્ટી તરીકે જોડાયા. શ્રી રમણભાઇ સી. પટેલ શિમર કેમિકલ્સ, શ્રી રીપલભાઇ પટેલ- પેરાગોન ઓર્ગેનિક્સ ટ્રસ્ટીમાંથી સ્થાપક ટ્રસ્ટી તરીકે જોડાયાં. શ્રી રમેશભાઇ લિંબાણી, પેટ્સન પાઇપ્સ એન્ડ ટ્યુબ્સ, અનિલભાઇ ડી. પટેલ, જગાજી કન્સ્ટ્રક્શન કંપની, અશ્વિનભાઇ પટેલ, વડોદરા જિલ્લા ભા.જ.પ. પ્રમુખ શ્રી શૈલેષભાઇ જી. પટેલ ચેરમેન APMC વડોદરા સરદારધામના વૈચારિકયાત્રમાં ગૌરવવંતા ટ્રસ્ટી તરીકે જોડાયા.

ડૉ.ભરતભાઇ બોઘરાએ પ્રસંગોચિત્ત ઉદ્બોધનમાં ઉપસ્થિત સૌને સરદારધામની વૈચારિકયાત્રામાં જોડાવા તેમજ સરદારધામ આયોજિત ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટમાં જોડાવા સમાજ નિર્માણથી રાષ્ટ્ર નિર્માણના કાર્યમાં સહયોગી થવા અપીલ કરી.

કાર્યક્ર્મનાં અધ્યક્ષ તેમજ ભા.જ.પ. ના ગુજરાતના પ્રદેશ પ્રમુખશ્રી સી.આર.પાટીલે ઉપસ્થિત તમામ મહાનુભવોને આવકારી પોતાના પ્રસંગોચિત્ત ઉદ્બોધનમાં જણાવ્યું કે જાહેર કાર્યક્રમો કે પ્રવૃતિઓમાં બહેનોનું પ્રતિનિધિત્વ વધારવું જોઇએ.આ પ્રકારે કુરિવાજો બંધ કરવા માટે બહેનો ઉપયોગી થશે. સરદારધામનો સામૂહિક સ્વાગતનો વિચાર ખૂબ સરસ છે તે રીતે સમાજના સૌને સાથે રાખી સામૂહિક વિકાસ કરવાનો સરદારધામનો વિચાર પણ ખૂબ સરસ છે. વિશ્વને પટેલોનો પરિચય થશે ત્યારે પટેલો કેવી રીતે આગળ વધે છે તેની ખબર પડશે. કેવડિયા કોલોની ખાતે સરદાર સાહેબની પ્રતિભાને અનુરુપ તેમની પ્રતિમા છે. આઝાદી બાદ તેમણે રજવાડાંના એકત્રીકરણની કામગીરી બેનમૂન, પ્રભાવશાળી રીતે કરી છે તેમણે કરેલી આ કામગીરીને કારણે તેમની મહાપુરુષ અને લોખંડી, યશસ્વી પુરુષ તરીકેની છબી વિશ્વભરમાં જાણીતી છે. પહેલા વિદેશી લોકો તાજમહેલ જોવા આવતા, હવે કેવડિયા કોલોની ખાતે વિશ્વની સૌથી ઊંચી સરદાર સાહેબની પ્રતિમાને જોવા આવે છે. તમામ ક્ષેત્રે મોટી ઉંમરના અનુભવી લોકોએ પોતાની નવી પેઢીને કામગીરી સોંપવી જોઇએ. તેમની પાસે વિઝન તથા નવું ઈન્ફ્રાસ્ટ્રકચર છે, ઉત્સાહ અને ધગશ, જેનાથી તેઓ વધારે સારા પરિણામો લાવશે. સુરત ખાતે યોજાનાર GPBS-૨૦૨૨ ની સફળતા માટે શુભેચ્છા પાઠવી સહકાર આપવાની ખાતરી આપી. મને આમંત્રણ આપી અહી બોલાવ્યો તેમજ સભ્ય બનાવ્યો તે બદલ સૌનો આભાર માન્યો. પદ્મશ્રી મથુરભાઇ સવાણીએ પોતાના પ્રાસંગિક પ્રવચનમાં સરદારધામ મધ્યગુજરાતની ટીમને શુભકામના પાઠવી. સુરત ખાતે યોજાનાર સમિટ ખૂબ સફળ થાય તે માટે શુભકામના પાઠવી. સૌને સાથે લઈને પાટીદાર સમાજ ચાલે છે જેના કારણે તેનો ખૂબ વિકાસ થયો છે અને સફળતા મળી છે. આપણે સૌ ગુજરાતના વિકાસ માટે સાથે મળી મહેનત કરીએ.સરદારધામના મધ્યગુજરાતના ફાઇનાન્સ સેક્રેટરી તથા ભૂમિદાતા શ્રી રમેશભાઇ પટેલે કાર્યક્રમની સફળતા માટે સહયોગ આપનાર તમામનો આભાર માની કાર્યક્ર્મની પૂર્ણાહૂતિ કરી. કાર્યક્ર્મનું સંચાલન સરદારધામના ઉપપ્રમુખ ડૉ.જાગૃતિબેન પટેલ ખૂબ સારી રીતે કર્યું.



**સમસ્ત પાટીદારની એકતાનું ધામ**

# સરદારધામ

**વિશ્વ પાટીદાર સમાજ**

## તમામ ઔદ્યોગિક-વેપારી મિત્રો માટે સોનેરી અવસર

GPBS (ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ-૨૦૧૮/૨૦૨૦) ની ભવ્ય સફળતા બાદ સમાજના પ્રથમ હરોળના ૧૦૦૦૦ તેમજ ૧૫૦૦૦ જેટલાં નાના - મધ્યમ બિઝનેસમેન, સમાજના વિવિધ પ્રોફેશનલ અંગો અને સરદારધામ યુવા તેજ-તેજસ્વીની (૧ લાખ સંગઠન) મળીને લાખો લોકો સુધી આપની કંપનીની પ્રોડક્ટના માર્કેટિંગ, બ્રાન્ડિંગ અને લોન્ચિંગ માટેનું ઉત્તમ પ્લેટફોર્મ એટલે "સરદારધામ-એક વિચાર" ઇ-મેગેઝિન.

તો આવો મિત્રો...સાંપ્રત પરિસ્થિતિ તેમજ આજના ટેકનોલોજીના યુગમાં સમયની સાથે તાલ મિલાવવા **પરવડે તેવા જાહેરાતના નવા દર** સાથેના અજોડ માધ્યમ એવા "સરદારધામ-એક વિચાર" ઇ-મેગેઝિનમાં જાહેરાત આપી સરદારધામ વેબસાઈટ – સોશિયલ મીડિયા, ફેસબુકના માધ્યમથી આપણાં બિઝનેસનો બહોળો પ્રચાર કરી સફળતાના શિખરો સર કરીએ...જય સરદાર...

## "સરદારધામ-એક વિચાર" - ઇ-મેગેઝિન માટે જાહેરાતના નવા દર

**વાર્ષિક (માસિક કુલ-૧૨ અંક)**

**જાહેરાતના દર (તારીખ :- ૦૧-૦૮-૨૦ થી લાગુ)**

- બીજું ટાઇટલ (અંદરનું) રૂા. ૧,૦૦,૦૦૦/- A-4 સાઇઝ GST INCL.
- ત્રીજું ટાઇટલ (અંદરનું) રૂા. ૭૫,૦૦૦/- A-4 સાઇઝ GST INCL.
- ચોથું ટાઇટલ (બહારનું) રૂા. ૬૦,૦૦૦/- A-4 સાઇઝ GST INCL.
- મેગેઝિનની અંદરના કોઈપણ એક ક્વાર્ટર પેજ માટે રૂા.૧૫,૦૦૦/- એ-૪ સાઇઝનું ક્વાર્ટર પેજ GST INCL.
- મેગેઝિનની અંદરના કોઈપણ એક હાફ પેજ માટે રૂા.૨૫,૦૦૦/- A-4 સાઇઝનું હાફ પેજ GST INCL.
- મેગેઝિનની અંદરના કોઈપણ એક ફુલ પેજ માટે રૂા.૫૦,૦૦૦/- A-4 સાઇઝ GST INCL.




મેગેઝિનમાં ઓછામાં ઓછા ૧ વર્ષ માટે જાહેરાત આપવી જરૂરી છે.

મેગેઝિનમાં આપની કંપનીની જાહેરાત માટે ડિઝાઇન આપના તરફથી આપવાની રહેશે.

૧ વર્ષની જાહેરાતની રકમનો ચેક અને ડિઝાઇન એડવાન્સમાં એક સાથે મોકલી આપવાના રહેશે.

**મેગેઝિનમાં જાહેરાત માટે કે અન્ય કોઇ માહિતી માટે ૯૮૭૯૯૯૪૯૬૭ / ૭૫૭૫૦૦૧૫૯૬ પર સંપર્ક કરવો.**


સરદારધામ, વૈષ્ણોદેવી સર્કલ,
એસ.પી.રીંગ રોડ, અમદાવાદ-૩૮૨૪૨૧

/Sardardham1 • /sardardham_ • www.sardardham.org • info.sardardham@gmail.com
+91 7575001548 • @sardardham_ • Sardardham_Info • /Sardardham




વૃંદા મનજીત
જાણીતા લેખિકા


# હેપી વર્લ્ડ કાઈન્ડનેસ ડે
## ટુ યુ ઓલ

**મહાકવિ ગોસ્વામી તુલસીદાસજીએ કહ્યું છે:-**

दया धर्म का मूल है, पाप मूल अभिमान।
तुलसी दया न छोडिए, जब लग घिट में प्राण ।।

૧૩મી નવેમ્બર વર્લ્ડ કાઈન્ડનેસ ડે. એટલે કે દયાભાવના દેખાડવાનો દિવસ. ખરેખર કહીએ તો દયા કરવા કે દેખાડવા માટે એક દિવસ તો બહુ ઓછો કહેવાય. દયા તો મનુષ્યના હૃદયમાં નિરંતર વહેતું ઝરણું છે જે સાતેય દિવસ, ચોવીસ કલાક અને બારે માસ વહ્યા કરે છે.

વર્લ્ડ કાઈન્ડનેસ ડેની શરૂઆત ૧૯૯૮માં થઈ હતી. તેની શરૂઆત કેનેડા, ઓસ્ટ્રેલિયા, નાઈજીરિયા અને સંયુક્ત અરબ અમીરાત સહિતના અનેક દેશોમાં આવેલી 'કાઈન્ડનેસ એનજીઓ'ના ગઠબંધન દ્વારા કરવામાં આવી હતી. આ ઉપરાંત સિંગાપુર, ઈટલી અને ભારત તેમજ યુકેમાં પણ તેની શરૂઆત કરવામાં આવી હતી.

વર્ષ ૨૦૧૦માં માઈકલ લોઈડ વ્હાઈટની વિનંતિ પર એનએસડબલ્યુ ફેડરેશન પેરેન્ટ્સ એન્ડ સિટિઝન્સ એસોસિએશને એનએસડબલ્યુ ડિપાર્ટમેન્ટ ઑફ મિનિસ્ટરને એનએસડબલ્યુ સ્કૂલ કેલેન્ડર પર વિશ્વ દયા દિવસ મૂકવા માટે પત્ર લખ્યો હતો.

વર્ષ ૨૦૧૨માં ઓસ્ટ્રેલિયા વર્લ્ડ કાઈન્ડનેસના ચેરમેનની વિનંતી પર વર્લ્ડ કાઈન્ડનેસ દિવસને ફેડરલ સ્કૂલના કેલેન્ડર અને તત્કાલિન શાળા શિક્ષણ પર મૂકવામાં આવ્યો હતો. આ દિવસની ઉજવણી ત્યાંની લગભગ ૯૦૦૦થી વધુ શાળાઓના કેલેન્ડર પર મૂકી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. એક નવા પ્રકારનો 'બી કાઈન્ડ પ્રોજેક્ટ' ચલાવવામાં આવ્યો જેમાં અનેક સ્કૂલો અને સ્થાનિક એનજીઓએ સાથે મળીને કામ કર્યું. ઓસ્ટ્રેલિયાના ન્યુ સાઉથ વેલ્સના ગવર્નરે

વર્લ્ડ કાઈન્ડનેસ ડેની ઉજવણી માટેનો એક કાર્યક્રમ આયોજિત કર્યો જેમાં દર વર્ષે કેટલાક વિદ્યાર્થીઓને 'બી કાઈન્ડ એવોર્ડ' પણ એનાયત કરવાનું નક્કી કરવામાં આવ્યું. કહે છે ને સદ્‌વિચાર અને સુગંધ ફેલાતાં વાર નથી લાગતી. જોતજોતામાં કાઈન્ડનેસ ડેની ઉજવણી ૨૭ દેશોમાં થવા લાગી છે.



એ છે કે તમે તેને કેવી રીતે બતાવવાનું/દર્શાવવાનુ પસંદ કરો છો, તે સહાનુભૂતિ, સ્વીકૃતિ, માયાળુ, હાવભાવ કે પછી વિચારશીલતા દ્વારા પ્રગટ કરવાની શક્યતાઓ સંપૂર્ણપણે તમારા પર નિર્ભર છે. કોઈને મદદ કરવી, કોઈના આંસુ લૂછવા, કોઈના દુઃખમાં દુઃખી થવું, કોઈ બાળકને નિઃસ્વાર્થપણે ભણાવવું, કોઈ ઈજા પામેલાને હૉસ્પિટલ પહોંચાડવો, કોઈના ચહેરા પર સ્મિત લાવવું આ બધું નિઃસ્વાર્થપણે, બદલામાં સારી વસ્તુઓની અપેક્ષા વગર જે કાંઈ કરો તે જ દયા છે તે જ કાઈન્ડનેસ છે.

માર્ક ટ્વેઈને કહ્યું હતું, 'દયા એ એવી ભાષા છે જે બહેરાઓ સાંભળી શકે છે અને પ્રજ્ઞાચક્ષુ જોઈ શકે છે.' આજના સમયને સામે રાખીને કહીએ તો એવું કહેવાનું મન થાય છે કે 'કાઈન્ડનેસ' હિંસા અને નફરત જેવી બીમારીની રામબાણ દવા છે, જેની સમગ્ર વિશ્વમાં હાલમાં અત્યંત આવશ્યકતા છે. જો કોઈ વિશ્વગુરુ હોય ને, તો તે એમ જ કહે કે સમગ્ર વિશ્વમાં એક જ ધર્મ હોવો જોઈએ અને તે છે 'દયા' એટલે કે 'કાઈન્ડનેસ'.

દયા પ્રદર્શિત કરવા માટે કોઈ ખર્ચ નથી કરવો પડતો. દયા દેખાડવા માટે બહુ દૂર નથી જવું પડતું. દયા દેખાડવા માટે કોઈ પરીક્ષા પાસ નથી કરવી પડતી, તે અંતરઆત્માથી સ્ફૂરે છે. દયાથી ભરપૂર શબ્દો કદાચ ઓછાં હોઈ શકે પરંતુ તેનો પડઘો અનંત પડે છે. જે લોકો અન્યના જીવનમાં થોડી રોશની લાવી શકે છે તેઓ તરફથી તે એક અમૂલ્ય ઉપહાર જ હોય છે. તમને સૌને યાદ હશે, મધર ટેરેસાએ કહ્યું હતું, 'જેટલી વાર તમે કોઈની સામે જોઈને સ્મિત કરો છો તો તે એક પ્રેમભર્યું કાર્ય હોય છે અને તે વ્યક્તિ તેને તેના દિલથી સ્વીકારે છે.

જો શબ્દકોશના અર્થને અનુસરીએ તો તે છે, 'દયામાં મૈત્રીપૂર્ણ, ઉદાર અને વિચારશીલ બનવાની ગુણવત્તા હોય છે.' પરંતુ દયાનો અર્થ ઘણો વિસ્તૃત છે. દયાનો અર્થ દરેક લોકો માટે જુદો જુદો હોઈ શકે છે, પરંતુ તેનો અર્થ



દયા દેખાડવા કે કાઈન્ડનેસ એક્સપ્રેસ કરવા માટે કોઈ મોટા એફર્ટની જરૂર નથી હોતી અને ઘણી વાર તો એવું પણ બને છે કે તમે અજાણતાં કંઈક એવું કરી દો છો જે દયાનો જ એક ભાગ હોય છે પણ તમને કે સામી વ્યક્તિને પણ ખબર નથી હોતી. જેમ કે, હાલનો જ એક કિસ્સો છે. હું જ્યારે કોરોનાની વેક્સિન લેવા ગઈ હતી ત્યારે હેલ્થ સેન્ટર પર ખાસ્સી લાંબી લાઈન હતી. મારી આગળ પાછળ જે લોકો ઊભા હતા તેઓને મેં જોયાં હતાં પરંતુ મને ખબર નહોતી કે ખરેખર ત્યાં કોનું સ્થાન છે. જ્યારે મારો નંબર આવ્યો ત્યારે હું આગળ વધી. ત્યાં તો મેં જોયું કે લાકડીના ટેકે એક માજી ત્યાં આવ્યાં અને કહેવા લાગ્યાં કે 'અહીં મારો નંબર છે અને હું વૃદ્ધાશ્રમથી આવી છું'. મેં કહ્યું 'કંઈ વાંધો નહીં'. પરંતુ થયું એવું કે મારો નંબર છેલ્લો હતો. ત્યાર પછી ઊભેલાં બધાંને કાલે આવવા માટે કહ્યું. મેં ત્યાંનું મેનેજમેન્ટ કરનાર વ્યક્તિને કહ્યું કે આ માજી વૃદ્ધાશ્રમથી આવ્યાં છે અને તેઓ ઊભા નથી રહી શકતા તેથી મારા બદલે તેમને લઈ લો. હું કાલે આવી જઈશ. મેં જોયું તો માજીની આંખમાં આંસુ હતાં. મેં તો

આ અજાણ્યે જ કાર્ય કર્યું હતું પણ મને થયું કે મેં જે કંઈ કર્યું છે તે સારું જ કર્યું છે. કદાચ આને જ કાઇન્ડનેસ કહી શકાય!!!

## દયાળુ કે સારા મનુષ્ય

સારા મનુષ્ય બનવું તેનાથી પણ પરે છે દયાભાવ. તમને કોઈ સારા મનુષ્ય કહે તે ગમે કે પછી દયાળુ કહે તે? સારા વ્યક્તિઓમાં પણ ક્યારેક ઈમાનદારીનો અભાવ જોવા મળી શકે છે પરંતુ દયાભાવ રાખનાર ઈરાદાપૂર્વક, સ્વૈચ્છિક રીતે દયાના કાર્યો કરે છે, પછી તેમ કરતાં તેને ગમે તેટલી મુશ્કેલીનો સામનો કેમ ન કરવો પડે!



## દયા તો એક મૂવમેન્ટ છે

તમને ક્યારેય એવો અનુભવ થયો છે કે કોઈએ તમારે માટે કંઈક કર્યું હોય?! જો હા, તો હવે તમારો વારો આવ્યો છે તમને જે મળ્યું તે ચૂકવવાનો, ખરું ને? જો આવું વિચારીએ તો આ ખરેખર એક ચેઈન રીએક્શન છે. આ એક તરંગ છે તે સતત વહેતી રહે છે અને તે શરૂ કરવા માટે માત્ર એક જ વ્યક્તિની જરૂરિયાત હોય છે. એક નાનકડું કામ અનેક લહેર ઉત્પન્ન કરવાનું કામ કરે છે અને તેની અસર સમગ્ર સમુદાયને સકારાત્મક રૂપે થાય છે. જ્યારે આપણે દયાભાવ પ્રદર્શિત કરવાનું એક કાર્ય કરીએ છીએ ત્યારે એક બદલાવની સ્થિતિનું સર્જન કરીએ છીએ. ગાંધીજીનું એક સ્લોગન છે તે યાદ છે ને? 'Be the change you wish to see in the world' અર્થાત 'જો તમારે દુનિયામાં બદલાવ જોવો હોય તો તે તમારાથી જ શરૂ કરો.' આનો અર્થ એ નથી કે એક વ્યક્તિ પોતાનામાં કે તેની આસપાસ બદલાવ લાવે તો દુનિયા બદલાઈ જાય પરંતુ આ એક ચળવળ છે, એક વ્યક્તિથી શરૂ થાય છે અને સમગ્ર વિશ્વ તેને અનુસરવા લાગે છે, 'જ્યોત સે જ્યોત જગાતે ચલો'ની જેમ. હજુ એ જ વાત છે કે



**मैं अकेला ही चला था जानिब-ए-मंज़िल मगर लोग साथ आते गए और कारवाँ बनता गया**

એક વ્યક્તિને જોઈને બીજાને પણ kindness spread કરવાની ઈચ્છા થઈ જ આવે છે. કહે છે ને સંગ તેવો રંગ.

આ જ અનુસંધાનમાં મેં એક સુંદર વાત સાંભળી છે, મને થાય છે કે હું તે આપ સૌ સમક્ષ શેર કરું. આપણે ઘણી વાર સુપર માર્કેટમાં જઈએ છીએ અને અનેક વસ્તુઓ ખરીદીને ટ્રોલી ભરી દઈએ છીએ અને કાઉન્ટર પર પૈસા ચૂકવવા જઈએ છીએ. ત્યાં પહોંચ્યા પછી ખબર પડે કે ખિસ્સામાં રાખેલા પૈસા કરતાં વધુ સામાન ખરીદી લીધો છે. અને કેટલીક વસ્તુ પાછી મૂકવી પડે. આવા જ મુંબઈના એક કિસ્સામાં એવું બન્યું કે રાજેશ કાઉન્ટર પર પહોંચ્યો ત્યારે તેનું બિલ થયું રૂ.૧૪૦૦/-નું. તેની પાસે માત્ર રૂ.૧૨૦૦/- જ હતાં. તેથી તેણે નાની નાની બેચાર વસ્તુઓ બહાર કાઢવાનું શરૂ કર્યું. તેની પાસે ઊભેલા એક વ્યક્તિએ તેને કહ્યું કે 'તમે સામાન બહાર ન કાઢો, બાકીના પૈસા હું આપવા માગું છું.' રાજેશને આશ્ચર્ય થયું અને તે કેમ પૈસા આપવા માગે છે અને તે પોતે શા માટે લેવા જોઈએ એવું પૂછ્યું ત્યારે અજાણ્યા માણસે જવાબ આપ્યો કે, 'મારી માતા હોસ્પિટલમાં છે. હું તેને જ્યારે જ્યારે મળવા જાઉં છું ત્યારે એક ૧૫૦-૨૦૦ રૂપિયાનો ફૂલોનો ગુલદસ્તો આપું છું. ગઈ વખતે હું ગયો ત્યારે માએ કહ્યું કે તું મને ફૂલ આપે છે જે સાંજ સુધીમાં કરમાઈ જાય છે તેના કરતાં જેને પૈસાની જરૂર હોય એવી કોઈ વ્યક્તિને અથવા કોઈ અચાનક તકલીફમાં આવી ગઈ હોય તેવી વ્યક્તિને મદદ કર તો તે લેખે લાગશે. મારા મનને શાંતિ મળશે' 'મમ્મી સાથે આટલી વાત કરીને હું અહીં મૉલમાં કશુંક ખરીદવા આવ્યો હતો. મેં તમને જોયાં ત્યારે

મને થયું કે હું તમને આ રૂપિયા આપું. આને તમે દાન ન સમજો, આજે મેં જે કંઈ કર્યું છે તે હું માને કહીશ તો તેને ઘણું સારું લાગશે.' કેવો સરસ વિચાર છે નહીં! ક્યારેક ચાન્સ મળે તો તમે પણ આવું કરજો. આમાં પણ દયાનો ભાવ સમાયેલો છે. અને એમાં નીચે દેખાડવા કે દેખાવા જેવું કંઈ નથી, માત્ર પ્રેમ અને કરુણા છે. આવા તો અનેક કિસ્સા છે.



સોશિયલ મીડિયા પર કદાચ તમે એ વીડિયો જોયો પણ હશે કે એક રેસ્ટોરાં એવી છે જ્યાં તમારા ફૂડના પૈસા લેવાતા નથી એટલે કે બિલ બનતું નથી પરંતુ તમે જે યથાશક્તિ અને તમારી ઈચ્છા પ્રમાણે રૂપિયા મૂકો તેમાં નવી આવનાર વ્યક્તિનું બિલ ચૂકતે થાય છે. અર્થાત તમારું બિલ તમારી પહેલાં આવેલા કોઈકે ચૂકવ્યું હશે. સમજ્યા? રેસ્ટોરાંના માલિકે ઈનડાયરેક્ટલી આવનાર પાસે દયાનું કામ કરાવ્યું છે. મજાની વાત છે નહીં!!!

## દયા પ્રેમ છે અને પ્રેમ દયા છે

જરા વિચારો કે પ્રેમ કરવાનો અર્થ શો છે? તમે કોઈને પ્રેમ કરો છો, તે જ દયા છે. તમે નિઃસ્વાર્થ રહીને કોઈની કાળજી રાખો છો તે પણ દયા જ છે, પ્રેમ છે. ક્યારેક કરુણા અને બિનશરતી દયા દેખાડવી એ એક પ્રકારનો પ્રેમ જ છે. અહીં એક બિનશરતી પ્રેમની વાત કરીએ તો માનો પ્રેમ જુઓ. નવ મહિના સુધી તે તેના ઉદરમાં તેના બાળકને રાખે છે, પોષિત કરે છે. જેને તે જોઈ પણ નથી શકી માત્ર કલ્પના કરીને જ તેને પ્રેમ કરે છે. એ બાળક જ્યારે જન્મ લે છે ત્યારે તે કોઈ પણ અવસ્થામાં હોય મા તેને સંપૂર્ણપણે સ્વીકારે છે અને પ્રેમ કરે છે. વિશ્વમાં મા જેવું દયાવાન કોઈ અન્ય નથી.

નિઃસ્વાર્થ, બિનશરતી પ્રેમ એટલે દયાભાવ, કાઈન્ડનેસ...

## દયા એ કૃપા છે

આપણે મનુષ્ય છીએ તેથી આપણે ભૂલો કરીએ છીએ. જ્યારે આપણાથી ભૂલ થાય ત્યારે અનેક કારણો



શોધીએ છીએ. જ્યારે અન્ય કોઈ ભૂલ કરે ત્યારે તેને ઘણું સંભળાવીએ છીએ. તેથી ખાસ સમજવાની જરૂર છે કે આવા સમયે બોલતાં પહેલાં વિચારવું, બદલો લેતાં પહેલાં ક્ષમા કરવી અને ટૂંકા ગાળાના ગૌરવને બદલે લાંબા ગાળાના સંબંધો વિશે વિચારવું જોઈએ. આપણા સૌમાંથી કોઈ સંપૂર્ણ તો નથી પરંતુ જો એકબીજા માટે દયાળુ બનીએ તો જીવન જીવવા લાયક અને સૃષ્ટિ રહેવા લાયક બની જશે.

થોડી એવી વાતો જેનાથી સામી વ્યક્તિના ચહેરા પર સ્મિત આવી જાય તે કરીએ.

## કોઈના દરવાજા પર છોડ મૂકી આવો

અમારા ફ્લેટમાં એક ફેમિલી નવું રહેવા આવ્યું. જ્યારે કોઈ નવી જગ્યાએ રહેવા જાય ત્યારે તે પરિવારના દરેક સભ્યો આડોસપાડોશમાં રહેતા લોકોને ‘વેલ્યુએટ’ કરતાં હોય છે. આ કોઈ નકારાત્મક રીત નથી, પણ ઓબ્ઝર્વ કરતાં હોય કે કોણ આપણી સાથે મિક્સ થઈ શકે છે, આપણને કોની સાથે ફાવશે? વગેરે. આવામાં મેં એક તુલસીના છોડનું નાનું કૂંડું લીધું અને તેમના બારણાની બહાર મૂકી દીધું. તેમણે જ્યારે દરવાજો ખોલ્યો અને તુલસીનો છોડ જોયો ત્યારે જોતાંની સાથે જ તેમના ચહેરા પર સ્મિત ઉભરી આવ્યું. તેમણે આસપાસ જોયું. મારો દરવાજો ખુલો જ હતો, હું પણ તેમની સામે જોઈને સ્માઇલ કરીને ઊભી રહી. મેં કહ્યું કે એ મેં જ મૂક્યો છે. તેઓ સૌ એટલાં ખુશ થયાં. તે સાંજે સૌ મારા ઘેર કૉફી પીવા આવ્યા અને અમારી ખૂબ સારી ઓળખાણ થઈ ગઈ. આમાં કોઈ દયા દેખાડવાની કે પ્રદર્શિત કરવાની વાત નહોતી પરંતુ એક પ્રેમ અને દયાથી સંબંધનો ડોર બાંધવાની વાત હતી.



## ડોનેશન આપો

અનેક સંસ્થાઓ એવી હોય છે જેમને ડોનેશનની જરૂરિયાત હોય છે. એવી સંસ્થા જ્યાં બાળકો ભણતાં હોય, મહિલાઓ કામ કરતી હોય, જૈફ વયના લોકો રહેતાં હોય તેમને તેમના જીવન જરૂરિયાતની વસ્તુઓ માટે ડોનેશનની આવશ્યકતા પડે છે. જો આપણી કમાણીમાંથી ૧૦ ટકા પણ આવી સંસ્થામાં ડોનેશન આપીએ તો તેમનું જીવન સુખમય થઈ શકે છે. અને આપણને આત્મસંતુષ્ટિ પ્રાપ્ત થાય છે.

મેટ્રો કે બસમાં કોઈને સીટ ઑફર કરવી

આપણા દેશમાં અનેક લોકો બસમાં અને મેટ્રો ટ્રેનમાં સફર કરતાં હોય છે. મોટા ભાગે સામાન્ય ઘરના જૈફ વયના, મહિલાઓ આ પ્રકારે ટ્રાવેલ કરતાં હોય છે. કોઈને મજબૂરીમાં કામ કરવા જવું પડતું હોય છે, બીમાર હોય છે જેને જોઈને તમને ક્યારેય લાગે નહીં કે તેને તકલીફ છે કે તે બીમાર છે. પરંતુ જો તેને બેસવા માટે સીટ ઑફર કરો તો તેને ઘણો આરામ મળે છે અને તમને આશીર્વાદ આપે છે સાથે તમને તેની આત્મસંતુષ્ટિ થાય છે તે અલગ.

કોઈને ફોન કરો

આ વાત કોરોનાકાળમાં ખૂબ ઉપયોગી નીવડી. કોઈ ઘેરથી નીકળી ન શકે. કોઈના ઘરમાં કોઈ બીમાર હોય. સામાન્ય દિવસોમાં અનેક વાર મળવાનું થતું હોય, એકબીજાની વાત શેર કરવાનું થતું હોય પરંતુ એ એવો સમય હતો કે ન મળી શકાય કે ન ક્યાંય જઈ શકાય. આવા સમયમાં ફોનના કનેક્શનરૂપી ડોરે સંબંધોને બાંધી રાખ્યા અને તેના દ્વારા લોકોના સંપર્કમાં રહી શકાયું. જો કોઈ પરિવારજન, સગાં, સંબંધી, મિત્ર કે ઑફિસના કલીગને એક ફોન માત્ર દ્વારા ખબરઅંતર પૂછ્યાં હોય તો તેને મળ્યા જેટલો સંતોષ થતો. આપણે એમના બોલાવ્યા છતાંય જઈ શકવાના નહોતા પરંતુ એક જ વાક્ય કહ્યું હોય કે, ‘કોઈ કામ હોય તો કહેજો.’ એનાથી સામી વ્યક્તિને કેટલો સંતોષ થયો હશે!!! કોઈને ફૂલ આપી ખુશ કરો, કોઈને ભેટીને ખુશ કરો, કોઈની સામે સ્માઈલ કરીને ખુશ કરો, આ તમારા દિલની દયા, દિલનો પ્રેમ છે જેની સરિતા વહાવો છો તે જ મહત્ત્વનું છે.



## P2P નેટવર્ક

**GPBO** દ્વારા પ્રસ્થાપિત P2P ઓનલાઈન બિઝનેસ નેટવર્ક ગામથી લઈને શહેર અને દેશ-વિદેશના તમામ પાટીદાર ઉદ્યોગકારો માટે નેટવર્કિંગનું શ્રેષ્ઠ માધ્યમ બની રહેશે. જેમાં નાના વ્યાપારીઓથી લઈને મોટા ઉદ્યોગપતિઓ પોતાના વ્યવસાયનું રજિસ્ટ્રેશન કરાવી શકે છે.

P2P ઓનલાઈન નેટવર્ક આપના ઉત્પાદનો અને સેવાઓને પ્રમોટ કરવાનું શ્રેષ્ઠ પ્લેટફોર્મ પૂરું પાડશે. આ ઉપરાંત P2P ઓનલાઈન નેટવર્ક દ્વારા ઉચ્ચ ગુણવત્તાવાળો કાચો માલ મેળવી શકશો તેમજ અન્ય જરૂરીયાતો માટેના સપ્લાયર્સ સાથે આપ સીધો સંપર્ક કરી શકશો.

## જીપીબીઓ વિશે

સરદારધામ દ્વારા પ્રસ્થાપિત મિશન ૨૦૨૬ અંતર્ગત પ્રથમ હરોળના ૧૦,૦૦૦થી વધુ ઉદ્યોગપતિઓને સંગઠિત કરવા માટે ગ્લોબલ પાટીદાર બિઝનેસ ઓર્ગેનાઈઝેશનની (GPBO) રચના કરવામાં આવી છે.

જીપીબીઓના નેટવર્કને જિલ્લા, રાજ્ય અને વિવિધ દેશોમાં વિસ્તારવાનું આયોજન કરવામાં આવ્યું છે. જીપીબીઓ દ્વારા ઉદ્યોગ જગત માટે ઉપયોગી એવા

- મોટીવેશનલ પ્રોગ્રામ
- ટ્રેઈનિંગ પ્રોગ્રામ
- સેક્ટર આધારિત B2B મીટિંગ્સ
- નવીન ટેક્નોલોજી અને આધુનિક ધંધાકીય અભિગમ માટેના આયોજનો કરવામાં આવે છે.

## મુખ્ય ઉદ્દેશ

- ☑ એકબીજા સાથે નેટવર્કિંગ દ્વારા વ્યાપાર ઉદ્યોગમાં પરસ્પર ઉપયોગી થવું
- ☑ સમાજમાં નવા ઉદ્યોગ સાહસિકો તૈયાર કરવામાં ઉપયોગી થવું
- ☑ શિક્ષિત અને સક્ષમ યુવાઓને રોજગારીની તકો પુરી પાડવામાં ઉપયોગી થવું

## કોણ જોડાઈ શકે?

- ☑ નાના-મોટા બિઝનેસમેન
- ☑ પ્રોફેશનલ્સ
- ☑ સર્વિસ પ્રોવાઈડર્સ

## કેવી રીતે ઉપયોગી છે?

- ☑ પ્રોડક્ટ, સર્વિસ વિશેની માહિતી
- ☑ ઈ-મેઈલ અથવા ફોનથી સંપર્ક
- ☑ ધંધાકીય જોડાણ

## કઈ વિગતો અપલોડ કરી શકાય?

- ☑ કંપનીનું નામ તથા લોગો
- ☑ માલિકનું નામ તથા ફોટો
- ☑ સંપર્કની વિગતો
- ☑ કંપનીનું પ્રોડક્ટ લીસ્ટ તથા ફોટો
- ☑ કંપનીની પ્રોડક્ટ વિશે માહિતી
- ☑ કંપનીને જરૂરી રો-મટીરીયલ, સેવાઓ તથા જોબવર્કની વિગતો
- ☑ કંપનીને જરૂરી સ્ટાફની વિગતો



સમસ્ત પાટીદારની એક્તાનું ધામ
**સરદારધામ**
વિશ્વ પાટીદાર સમાજ
આયોજીત

**મિશન ૨૦૨૬ અંતર્ગત**
**ગ્લોબલ પાટીદાર**
**બિઝનેસ ઓર્ગેનાઈઝેશન**
**GPBO**

# ૧૦ લાખ
## બિઝનેસમેનનું જોડાણ



Register your Business in GPBO Network Application
Contact for More information Phone :-7575007183

www.gpbo.org   GPBO

- ગાંધીજી

# અંગ્રેજી માધ્યમથી થતી હાનિ

કરોડો માણસોને અંગ્રેજી કેળવણી દેવી તે તેઓને ગુલામીમાં નાખવા બરોબાર છે. મૅકૉલેએ જે કેળવણીનો પાયો રચ્યો તે ખરું જોતાં ગુલામીનો પાયો હતો. તેણે તેવું સમજીને પોતાનો લેખ ઘડયો એમ હું નથી સમજાવતો. પણ તેના કાર્યનું એ જ પરિણામ આવ્યું છે. પણ એ કંઇ થોડી જુલમની વાત છે કે પોતાના દેશમાં મારે ઈન્સાફ મેળવવો હોય તો મારે અંગ્રેજી ભાષા વાપરવી પડે! હું જ્યારે બૅરિસ્ટર થાઉં ત્યારે મારાથી સ્વભાષામાં બોલાય નહીં! મારી પાસે બીજા માણસે તરજુમો કરવો જોઈએ! આ કંઇ થોડો દંભ ? આ ગુલામીની સીમા નથી તો શું છે? તેમાં હું અંગ્રેજનો દોષ કાઢું કે મારો પોતાનો? હિંદુસ્તાનને ગુલામ બનાવનાર તો આપણે અંગ્રેજી જાણનાર છીએ. પ્રજાની હા અંગ્રેજ ઉપર નથી પડવાની, પણ આપણી ઉપર પડવાની છે.

પરભાષા મારફતે શિક્ષણ લેવામાં જે બોજો મગજ ઉપર પડે છે તે અસહ્ય છે. એ બોજો આપણાં જ બાળકો ઊંચકી શકે, પણ તેનો બદલો તો તેઓએ વેઠયે જ છૂટકો. તેઓ બીજો બોજો ઉપાડવાને અસમર્થ થાય છે. આથી આપણા ગ્રેજ્યુએટ ઘણે ભાગે નિઃસત્ત્વ, નબળા, નિરુત્સાહી, રોગી ને કેવળ નકલી બને છે. શોધક શક્તિ, વિચારશક્તિ, સાહસ, ધૈર્ય, વીરતા, નિર્ભયતા વગેરે ગુણો ક્ષીણ થઈ જાય છે. તેથી



આપણે નવી યોજનાઓ રચીએ છીએ તો પાર ઉતારી શકતા નથી. કેટલાક જેઓ ઉપરના ગુણો બતાવી શકે છે તેઓ અકાળ મૃત્યુનો ભોગ થઈ પડે છે. એક અંગ્રેજે લખ્યું છે કે, શાહીચૂસ કાગળ જેમ અસલ લેખને વિશે છે તેમ યુરોપ બહારની પ્રજા યુરોપી પ્રજાને વિશે છે. આ વિચારમાં જેટલું સત્ય હશે તે કંઇ એશિયાની સ્વાભાવિક અયોગ્યતાને લીધે નથી. આ પરિણામનું કારણ કેળવણીના વહનની અયોગ્યતા જ છે. દક્ષિણ આફ્રિકાની સીદી પ્રજા સાહસિક, શરીરે કદાવર ને ચારિત્ર્યવાન છે. જે બાળલગ્નાદી ખામીઓ આપણામાં છે તે તેઓમાં નથી, છતાં જે સ્થિતિ આપણી છે તે તેઓની છે. તેઓમાં શિક્ષણનું વાહન ડચ છે. તેઓ પણ આપણી જેમ ડચ ઉપર તરત કાબૂ મેળવે છે ને આપણી જેમ તેઓ પણ કેળવણીને અંતે શક્તિહીન બને છે, ઘણે ભાગે માત્ર નકલ કરનારા નીવડે છે. અસલ વસ્તુ તો તેઓમાં પણ માતૃભાષાની સાથે અસ્ત થયેલી જોવામાં આવે છે. અંગ્રેજી કેળવણી પામેલા આપણે જ આ નુકસાનનું ખરું માપ કરવા અશકત છીએ. પ્રજાવર્ગ ઉપર આપણે કેટલી ઓછી અસર કરી છે તેનું માપ કાઢીએ તો કંઇક ખ્યાલ આવી શકશે. આપણાં માબાપો કેટલીક વેળા આપણી કેળવણી વિશે ઉદ્‌ગાર કાઢે છે તે વિચારવા યોગ્ય હોય છે. આપણે બોઝ ને રૉયની

ઉપર મોહાંધ થઈ પડીએ છીએ. મારી ખાતરી છે કે, જો આપણે માતૃભાષા મારફતે પચાસ વર્ષ સુધી કેળવણી લીધી હોત તો આપણામાં એટલા બોઝ ને રૉય હોત કે તેમનું અસ્તિત્વ આપણને આશ્ચર્ય ન પમાડત.

જાપાનનો ઉત્સાહ જે દિશામાં ચાલે છે એ યોગ્ય છે કે નહી એ વિચાર એક બાજુ રાખીએ તો આપણને જાપાનનું સાહસ સ્તબ્ધ કરે તેવું જણાશે. તેઓએ પ્રજાજાગૃતિ પોતાની ભાષા મારફતે કરી છે, તેથી તેઓના દરેક કાર્યમાં નવીનતા જોવામાં આવે છે. તેઓ શિક્ષકને શીખવતા થઈ ગયા છે. તેઓએ શાહીચૂસ કાગળની ઉપમા ખોટી પાડી છે. પ્રજાનું જીવન કેળવણીને લીધે ઊછળી રહ્યું છે, ને જગત વિસ્મયપૂર્વક જાપાનની પ્રવૃતિ જોઈ રહ્યું છે. પરભાષાની મારફતે શિક્ષણ લેવાની પધ્ધતિથી પારાવાર નુકસાન છે.

માતાના ધાવણની સાથે જે સંસ્કાર મળે છે ને જે મધુર શબ્દો મળે છે તેની અને શાળાની વચ્ચે જે અનુસંધાન હોવું જોઈએ તે પરભાષા મારફતે કેળવણી લેવામાં તૂટે છે. તે તોડનારના હેતુ પવિત્ર હો, છતાં તે પ્રજાના દુશ્મન છે. આપણે તેવા શિક્ષણના ભોગ થવામાં માતૃદ્રોહ કરીએ છીએ. પરભાષા દ્વારા મળતા શિક્ષણમાં નુકસાન એટલે જ નથી અટકયું. શિક્ષિત વર્ગ અને પ્રજાવર્ગ વચ્ચે અંતર પડી ગયું છે. પ્રજાવર્ગને આપણે નથી ઓળખતા. પ્રજા આપણને નથી ઓળખતી. આપણને તો તે સાહેબલોક તરીકે ગણી કાઢે છે, આપણાથી ડરે છે, આપણો અવિશ્વાસ કરે છે. જો આ સ્થિતિ લાંબો સમય ચાલે તો શિક્ષિત વર્ગ પ્રજાવર્ગનો પ્રતિનિધિ  નથી એવો લોર્ડ કર્ઝનનો આરોપ ખરો પડવા વખત આવે.



સદ્દભાગ્યે શિક્ષિત વર્ગ મૂર્છામાંથી જાગ્રત થતો જોવામાં આવે છે. જનસમાજની સાથે મળવા જતાં મજકૂર દોષનો સાક્ષાત્ અનુભવ કરે છે. પોતે જે જુસ્સો મેળવ્યો છે તે પ્રજાને કેમ આપી શકે ? અંગ્રેજીમાં તો ન જ ચાલે. ગુજરાતીમાં આપવાની શક્તિ ઓછી છે અથવા નથી. પોતાના વિચાર માતૃભાષામાં મૂકતાં મહાસંકટ પડે છે. આ ઉદગારો હું હંમેશાં સાંભળી રહ્યો છું. આ અંતરાય પડી જવાથી પ્રજાજીવનનો પ્રવાહ અટક્યો છે. અંગ્રેજી કેળવણી આપવામાં મેકોલેનો શુદ્ધ હેતુ હતો. તેને આપણા સાહિત્ય પ્રતિ તિરસ્કાર હતો. તે તિરસ્કારનો ચેપ આપણને પણ વળગ્યો, ને આપણે ભાન ભૂલ્યા. ચેલા ગુરુ કરતાં આગળ વધે છે તેમ આપણું થયું છે. પાશ્ચાત્ય સભ્યતાનો પ્રચાર આપણે પ્રજામાં કરનારા થઈએ એ મેકોલેનો ઉદ્દેશ હતો. તેની કલ્પના એવી હતીકે, આપણામાંના કેટલાક અંગ્રેજી શીખી, આપણા ચારિત્ર્યમાં વૃદ્ધિ કરી, પ્રજાને નવા વિચારો આપીશું. એ આપવા યોગ્ય હતા કે નહી તેનો વિચાર અહી અસ્થાને છે. આપણે તો માત્ર શિક્ષણના વાહનનો જ વિચાર કરવાનો છે. આપણે તો અંગ્રેજી કેળવણીમાં ધનપ્રાપ્તિ જોઈ એટલે  તે ઉપયોગને પ્રધાનપદ આપ્યું. કેટલાકે સ્વદેશાભિમાન પોષ્યું. એમ મૂળ વિચાર ગૌણ થયો ને અંગ્રેજી ભાષાનો પ્રચાર મેકોલેની ધારણા કરતાં વધ્યો તેમાં આપણે ખોયું છે.

જો આપણા હાથમાં સત્તા હોત તો આપણે તરત તે દોષ જોઈ શકત. આપણાથી માતૃભાષાનો ત્યાગ ન કરી શકાત. અમલદારવર્ગે નથી કર્યો. ઘણાને વખતે ખબર નહી હોય કે આપણી કચેરીની ભાષા ગુજરાતી ગણાય છે. સરકાર કાયદાઓ ગુજરાતીમાં પણ તૈયાર કરાવે છે.



દરબારોમાં વંચાતાં ભાષણોના તરજુમા તે જ વેળા વંચાય છે. ચલણી નોટોમાં અંગ્રેજીની સાથે ગુજરાતી વગેરેનો ઉપયોગ જોવામાં આવે છે. માપણીદારને શીખવાનું ગણિત વગેરે કઠિન હોય છે, પણ તે કાર્ય જો અંગ્રેજી મારફતે થતું હોત તો મહેસૂલખાતાનું કામ બહુ ખર્ચાળ નીવડત. તેથી માપણીદારને સારુ પરિભાષા ઉત્પન્ન કરવામાં આવી છે. તેમાં લીધેલા શબ્દો આપણને સાનંદાશ્ચર્ય ઉપજાવે એવા છે. આપણામાં ભાષા પ્રતિ ખરી પ્રીતિ હોય તો આપણે જે સાધનો છે તેનો તો આજે જ ઉપયોગ કરી શકીએ. વકીલો જો પોતાનું કાર્ય ગુજરાતી ભાષા મારફતે લેતા થઇ જાય તો અસીલનો ઘણો પૈસો બચે. અસીલોને કાયદાની જરૂર પડતી કેળવણી મળે ને અસીલો પોતાના હક સમજતા થઇ જાય. દુભાષિયાનું ખર્ચ બચે. ભાષામાં કાયદાના શબ્દો પ્રચલિત થાય. એમાં વકીલોને થોડો સરખો પ્રયાસ કરવો પડે તેમ છે ખરું. તેઓના અસીલને તેથી હાનિ નહીં થાય એ મારી ખાતરી છે, મારો અનુભવ છે. ગુજરાતીમાં કરેલી દલીલનો પ્રભાવ ઓછો પડશે એ ભય રાખવાનું જરાયે કારણ નથી. આપણા કલેક્ટરો વગેરેને ગુજરાતી જાણવું ફરજિયાત છે. પણ આપણા અંગ્રેજી ઉપરના મિથ્યા મોહને લીધે આપણે તેઓના જ્ઞાનને કાટ ચડાવીએ છીએ.

